“ બુધવારની સાપ્તાહિક પૂર્તિ ”
ઉત્સવ

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 237 | AD - 2026, Jeth Vad -03 | Wednesday, Dt. 03-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કુખ્યાત ડ્રગ તસ્કર અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી સલીમ ઈસ્માઈલ ડોલાના નેટવર્કને ધ્વસ્ત કરવા

# મુંબઈ અને ગુજરાતના ૨૦ સ્થળોએ ઈડીના દરોડા

મુંબઈ,તા.૦૨

અંડરવર્લ્ડ અને વૈશ્વિક માદક પદાર્થોની તસ્કરી સામે કેન્દ્ર સરકારની તપાસ એજન્સીઓએ અત્યાર સુધીની સૌથી મોટી કાનૂની ઝુંબેશ શરૂ કરી દીધી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ઈડીની મુંબઈ ઝોનલ ઓફિસે આંતરરાષ્ટ્રીય સ્તરે કુખ્યાત ડ્રગ તસ્કર અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના અત્યંત વફાદાર સાથીદાર સલીમ ઈસ્માઈલ ડોલાના સમગ્ર નેટવર્કને ધ્વસ્ત કરવા માટે વ્યાપક ઓપરેશન હાથ ધર્યું છે. એજન્સી દ્વારા મહારાષ્ટ્રની આર્થિક રાજધાની મુંબઈ ઉપરાંત ગુજરાતના અગ્રણી ઔદ્યોગિક અને વ્યાપારી શહેરો એવા સુરત, અંકલેશ્વર અને રાજકોટ સહિત દેશના અંદાજે વીસ જેટલા સંવેદનશીલ સ્થળો પર એકસાથે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. આ સમગ્ર સપાટો મની લોન્ડરિંગના ગંભીર કેસો અને વૈશ્વિક સ્તરે ચાલતા ડ્રગ્સના કાળા કારોબારના પુરાવા મેળવવા માટે બોલાવવામાં આવ્યો છે. આ આખી પ્રક્રિયા પાછળ કરોડો રૂપિયાના ગેરકાયદે આર્થિક વ્યવહારો હોવાનું સામે આવ્યું છે.



આ સમગ્ર ઓપરેશનનો મુખ્ય સૂત્રધાર સલીમ ઈસ્માઈલ ડોલા છે, જેને ભારત સરકાર તાજેતરમાં જ રાજદ્વારી પ્રયાસો દ્વારા તુર્કિથી પ્રત્યાર્પણ કરીને ભારત લાવી હતી. તે લાંબા સમયથી વિદેશમાં બેસીને ભારતમાં પ્રતિબંધિત માદક પદાર્થોનું મોટું સિન્ડિકેટ ચલાવતો હતો અને તેના માધ્યમથી હજારો કરોડ રૂપિયાની ગેરકાયદે કમાણી કરતો હતો. તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ, આ નેટવર્ક માત્ર ડ્રગ્સની હેરાફેરી પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે સિન્થેટિક ડ્રગ મેફેડ્રોનના ઉત્પાદન માટે જરૂરી પ્રીકર્સર કેમિકલ્સના સપ્લાયર્સ, કેમિકલ ઉદ્યોગ સાથે જોડાયેલા વચેટિયાઓ અને મોટા પાયે વિતરણ કરતા નેટવર્ક સાથે પણ સંકળાયેલું છે.

આ ગેરકાયદે કમાણીને કાયદેસરના નાણાંમાં બદલવા માટે મુંબઈમાં નોંધાયેલી વિવિધ પ્રથમ માહિતી અહેવાલ એટલે કે એફઆઈઆરના આધારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ હેઠળ કડક ગુનો નોંધીને તપાસ આગળ ધપાવવામાં આવી છે.ગુપ્ત રીતે કેમિકલ મેળવીને ફેક્ટરીઓમાં મેફેડ્રોન ડ્રગ બનાવ્યા બાદ તેને અલગ-અલગ રાજ્યો અને વિદેશોમાં મોકલવામાં આવતું હતું. આ કાળા કારોબારમાંથી પેદા થતી અઢળક સંપત્તિને હવાલા ચેનલો દ્વારા સગેવગે કરવામાં આવતી હતી. આ નાણાંનો ઉપયોગ ભારતમાં તેમજ વિદેશમાં સહયોગીઓના નામે બેનામી ચલ અને અચલ મિલકતો ખરીદવા માટે કરાતો હતો. હાલમાં ઈડીની વિવિધ ટીમો ફેક્ટરી માલિકોથી લઈને આર્થિક વ્યવહારો સંભાળતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને નાણાકીય સલાહકારોની ભૂમિકાની બારીકાઈથી તપાસ કરી રહી છે. દરોડા દરમિયાન મોટા પ્રમાણમાં ડિજિટલ પુરાવા અને નાણાકીય દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે જે આ અંડરવર્લ્ડ કનેક્શનના મૂળ સુધી પહોંચવામાં મદદ કરશે.

# ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં કરા સાથે વરસાદ પડતા ગરમીમાં રાહત

નવી દિલ્હી,તા.૦૨

દેશના ૨૩ રાજ્યોમાં જૂન મહિનાની શરૂઆત ગરમીમાંથી રાહત લઈને આવી છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ, મધ્ય પ્રદેશ, હરિયાણા અને બિહારમાં વરસાદ, વાવાઝોડા તથા કરા પડવાના બનાવો નોંધાયા છે. બદલાયેલા હવામાનના કારણે અનેક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં નીચે નોંધાયું છે, જેના કારણે લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી છે.રાજસ્થાનના ૧૦ જિલ્લાઓમાં સારો વરસાદ થયો



હતો. ઉદયપુર જિલ્લાના ગોગુંદામાં હોસ્પિટલની બહાર પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત થયું હતું. જોધપુરના પીપાડ શહેરમાં ભારે વરસાદ બાદ રસ્તાઓ તળાવ જેવા દેખાવા લાગ્યા હતા, જ્યારે પાલીના ઘાણેરાવ વિસ્તારમાં માર્ગો પર નદીની જેમ પાણી વહેતું જોવા મળ્યું હતું. દિલ્હીમાં ૧ જૂનનો દિવસ છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી ઠંડો નોંધાયો હતો. સફદરજંગ હવામાન કેન્દ્રમાં મહત્તમ તાપમાન ૩૬.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે સામાન્ય કરતાં ૩.૭ ડિગ્રી ઓછું હતું. ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં પણ વરસાદી માહોલને કારણે લોકોને ગરમીથી રાહત મળી છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગામી બેથી ત્રણ દિવસમાં કેરળમાં પ્રવેશી શકે છે. સામાન્ય રીતે ચોમાસું ૧ જૂનની આસપાસ કેરળ પહોંચે છે અને ત્યારબાદ દોઢ મહિનામાં સમગ્ર દેશને આવરી લે છે.

# પહેલગામ આતંકી હુમલાની તપાસમાં પાકિસ્તાન કનેક્શનના પુરાવા મળ્યા

નવી દિલ્હી, તા.૦૨

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને પાકિસ્તાન કનેક્શનના સ્પષ્ટ પુરાવા મળ્યા છે. આતંકવાદીઓના મોબાઈલ ફોનની ફોરેન્સિક તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, બાયસરન વિસ્તારનું ભૌગોલિક લોકેશન તેમની નેવિગેશન એપ્લિકેશનમાં અગાઉથી જ સંગ્રહિત (સેવ) હતું. આ ઉપરાંત, આ વિસ્તારના સ્ક્રીનશોટ પણ ૧૫



અને ૧૬ એપ્રિલ, ૨૦૨૫ના રોજ લેવામાં આવ્યા હતા, જે દર્શાવે છે કે હુમલાના એક અઠવાડિયા પહેલાં જ રેકી કરીને સમગ્ર યોજના સુનિયોજિત રીતે તૈયાર કરાઈ હતી.

NIAના સૂત્રોના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓ પાસેથી મળેલા બે ચાઈનીઝ મોબાઈલ ફોનની સપ્લાય ચેઈનની તપાસ કરતા જાણવા મળ્યું છે કે આ ઉપકરણો મૂળ પાકિસ્તાનના કરાચી અને લાહોર સ્થિત સરનામાઓ પર પહોંચાડવામાં આવ્યા હતા. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહેલગામની બાયસરન ઘાટીમાં થયેલા આ ભયાનક આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા હતા અને ૧૬ લોકો ઘાયલ થયા હતા. આતંકવાદીઓએ લોકોને તેમની ધાર્મિક ઓળખના આધારે નિશાન બનાવ્યા હતા, જે સંદર્ભે એજન્સી હવે આંતરરાષ્ટ્રીય જોડાણોની સઘન તપાસ કરી રહી છે.

### પક્ષના ૮૦માંથી ૫૦ ધારાસભ્યો પાર્ટી સાથે છેડો ફાડવાના મૂડમા

# પ.બંગાળમાં ટીએમસીના હવે બે જૂથ બનવાની સંભાવના

કોલકાત્તા,તા.૦૨

પશ્ચિમ બંગાળના રાજકારણમાં નવી ઉથલપાથલ સર્જાઈ છે. મુખ્યમંત્રી **Mamata Banerjee**ની આગેવાની હેઠળની **All India Trinamool Congress (TMC)**માં આંતરિક મતભેદો હવે ખુલ્લેઆમ સામે આવી રહ્યા છે. પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા નેતા **Riju Dutta**એ દાવો કર્યો છે કે પક્ષના ૮૦ ધારાસભ્યોમાંથી ૫૦થી વધુ ધારાસભ્યો તેમના સમર્થનમાં છે અને તેઓ પોતાને અસલી તૃણમૂલ કોંગ્રેસ તરીકે માન્યતા અપાવવાની તૈયારીમાં છે. રીજુ દત્તાના જણાવ્યા અનુસાર, સમર્થક ધારાસભ્યો વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ ત્રણ મહત્વપૂર્ણ



માંગણીઓ રજૂ કરશે. પ્રથમ, તેમની પાસે બે-તૃતીયાંશ બહુમતી હોવાને કારણે તેઓ જ અસલી તૃણમૂલ કોંગ્રેસ હોવાનો દાવો કરશે. બીજું, વિપક્ષના નેતા તરીકે ઋતબ્રત બેનર્જીની નિમણૂક કરવાની માંગ કરશે. ત્રીજું, બહુમતીના આધારે પક્ષનું ચૂંટણી ચિન્હ પણ તેમના જૂથને ફાળવવાની રજૂઆત કરશે. આ દરમિયાન, સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્યા સંદીપન સાહા અને ઋતબ્રત બેનર્જીએ કોલકાતાના **MLA** હોસ્ટેલમાં અનેક ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, આ બેઠકમાં મમતાના નજીકના ગણાતા કેટલાક ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા. સંદીપન સાહા અને ઋતબ્રત બેનર્જીનો આરોપ છે કે વિપક્ષના નેતાની પસંદગી અંગે વિધાનસભા અધ્યક્ષને મોકલાયેલા પ્રસ્તાવમાં તેમની નકલી સહીઓ કરવામાં આવી હતી. આ મુદ્દે ઉઠાવેલા વાંધા બાદ બંનેને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાક્રમને કારણે તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક સંકટ વધુ ઘેરું બન્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# પરિવારની વ્યાખ્યામાંથી પરિણીત પુત્રીને દૂર કરી શકાય નહીં : સુપ્રીમ


નવી દિલ્હી,તા.૦૨

મહિલાઓના સમાન અધિકારોને મજબૂત બનાવતા મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે અનુકંપાના આધારે નિમણૂક અથવા લાભ માટે ‘પરિવાર’ની વ્યાખ્યામાંથી પરિણીત પુત્રીઓને બહાર રાખી શકાય નહીં. જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક આરાધેની ખંડપીઠે અલ્લાહાબાદ હાઈકોર્ટમાં ‘કુલસુમ નિશા વિરુદ્ધ ઉત્તર પ્રદેશ સરકાર’ કેસમાં કોર્ટે કહ્યું કે માત્ર વૈવાહિક સ્થિતિના આધારે લાભ નકારવો બંધારણની કલમ ૧૪ અને ૧૫નું ઉલ્લંઘન છે. અરજદાર માતાના અવસાન બાદ પરિવારની જવાબદારી નિભાવતી હતી. કોર્ટે સત્તાવાળાઓને ચાર અઠવાડિયામાં લાયસન્સ આપવાનો આદેશ આપ્યો છે.









## મેઈક ઈન ઈન્ડીયાના સંકલ્પને સાકાર કરતું શિતલ ગ્રુપ

# અમરેલીમાં શીતલ ફૂડ સફારીના નવા પ્રોડક્શન યુનિટનો પ્રારંભ









અમરેલી, તા. ૦૨

રેડી-ટુ-ઈટ અને રેડી-ટુ-કૂક ફૂડ પ્રોડક્ટ્સ ક્ષેત્રે વિશ્વસનીય નામ ધરાવતી શીતલ ફૂડ સફારી દ્વારા અમરેલીમાં નવા પ્રોડક્શન યુનિટનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું. અમરેલી-સાવરકુંડલા હાઈવે, ન્યૂ APMC રોડ સ્થિત નવા યુનિટના પ્રારંભ સાથે સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઊભી થવાની સાથે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને પણ નવી દિશા મળશે. શીતલ આઈસ્ક્રીમના મોભી દકુભાઈ ભુવાના સમગ્ર પરિવારજનોના સૌ સગા સ્નેહી મિત્રોની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગુજરાત સરકારના રાજ્ય કક્ષા મંત્રી કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે નવા પ્રોડક્શન યુનિટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.સાથે ભોજલધામ ફતેપુરના મહંત ભક્તિરામ બાપુ, પાણી દરવાજા સ્વામિનારાયણ મંદિરના સુકસ્વામી સહિત સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. સાંસદ ભરતભાઈ સુતરિયા,પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા,નગર પાલિકા અને તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધિઓ સહિત વિવિધ રાજકીય,સામાજિક અને જુદી જુદી સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




કંપનીના ડાયરેટર દિનેશભાઈ ભુવાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કંપનીના યુવા ડાયરેક્ટરો જીત ભુવા,યશ ભુવા,કેવલ ભુવા અને હાર્દિક ભુવાએ કંપનીની શરૂઆતથી અત્યાર સુધીની સફળતા, પ્રોડક્શન,ફ્યુચર, વિસ્તરણ અને એક્સપોર્ટ વિશે વિગતવાર વાત કરતા જણાવ્યું હતું કે કંપની ૧૬ થી વધુ દેશોમાં પ્રોડક્ટ એક્સપોર્ટ કરશે. શીતલ ફૂડ સફારી દ્વારા ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સ્વાદિષ્ટ રેડી-ટુ-ઈટ તેમજ રેડી-ટુ-કૂક ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. નવા યુનિટના પ્રારંભથી કંપનીની ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે અને ગ્રાહકો સુધી વધુ સારી સેવા પહોંચાડી શકાશે.

આ અવસરે ઉપસ્થિત મહેમાનો, ઉદ્યોગજગતના આગેવાનો, વેપારીઓ તેમજ શુભેચ્છકોએ શીતલ પરિવારને અભિનંદન પાઠવી નવા પ્રોડક્શન યુનિટના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કંપનીના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. શીતલ પરિવાર દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનો આભાર એમ ડી ભુપતભાઈ ભુવા દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો અને ભવિષ્યમાં પણ ગુણવત્તા, વિશ્વાસ અને ગ્રાહક સંતોષને કેન્દ્રમાં રાખી આગળ વધવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની તૈયારી સંજયભાઈ ભુવા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ભરત બાવીશીએ કર્યું હતું.

## વડીયાના ઢુંઢીયા પીપળીયા ગામે ગટરના ગંધાતા પાણીથી જનઆરોગ્ય જોખમમાં

વડીયા,તા.૦૨



વડીયા તાલુકાના કુંઢીયા પીપળીયા ગામમાં ભૂગર્ભ ગટરના ગંદા પાણીના અયોગ્ય નિકાલને કારણે ગ્રામજનોમાં ભારે રોષ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગામના જાગૃત નાગરિક ચુડાસમા રાજેશ આર. દ્વારા તલાટી અને સરપંચ સહિત ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ગામની ભૂગર્ભ ગટરનું દૂષિત પાણી ગામની મધ્યમાં આવેલી મુખ્ય નદીમાં છોડવામાં આવે છે, જે પાદરમાં ભરાઈ રહેતાં અસહ્ય ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે જ્યાં આ ગંદુ પાણી એકઠું થાય છે, તેની તદ્દન નજીક જ ગ્રામ પંચાયત સંચાલિત પીવાના પાણીનો મુખ્ય બોર આવેલો છે. આ ગંદુ પાણી જમીનમાં ઉતરીને બોરના પાણીને પ્રદૂષિત કરે તેવી પૂરેપૂરી શક્યતા છે. જો વહેલી તકે આ ગંદા પાણીનો નિકાલ ગામની બહાર યોગ્ય જગ્યાએ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આખું ગામ ભયંકર બીમારીઓનો ભોગ બની શકે છે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

## સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય જનક તળાવિયાના જન્મદિનની ઉજવણી



બાબરા,તા.૦૨

બાબરા તાલુકાના કરિયાણા ગામ ખાતે જિલ્લા પંચાયત સીટ વિસ્તારના ભાજપના આગેવાનો અને કાર્યકરો દ્વારા અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કરિયાણા સ્થિત નીલકંઠ મહાદેવ મંદિરે ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં આઈસ્ક્રીમ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે ભાજપના પદાધિકારીઓ હાજર રહ્યાં હતા.

## અમરેલી જિલ્લા પોલીસ વડાએ ૧૫૯ પોલીસ કર્મીઓની અરસપરસ બદલી કરી

અમરેલી,તા.૦૨



અમરેલી જિલ્લામાં પોલીસ બેડામાં મોટા પાયે વહીવટી ફેરફારો કરવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા મોડી રાત્રે ૧૫૯ પોલીસ કર્મચારીઓની બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા. લાંબા સમયથી આ બદલીઓની રાહ જોતા પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારો માટે આ નિર્ણય મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. સામૂહિક ધોરણે કરવામાં આવેલી અરસપરસ બદલીઓથી જિલ્લાના પોલીસ તંત્રમાં નવી ગોઠવણ સર્જાઈ છે. આ બદલીઓ અમરેલી શહેર ઉપરાંત પીપાવાવ કોસ્ટલ મરીન પોલીસ સ્ટેશન સહિત જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં કરવામાં આવી છે. અમરેલી, સાવરકુંડલા, બાબરા, રાજુલા, જાફરાબાદ, પીપાવાવ, લાઠી, બગસરા, ધારી અને ચલાલા સહિતના પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા કર્મચારીઓની બદલી કરવામાં આવી છે.




## સા.કુંડલા-કૃષ્ણનગર એસ.ટી. બસના રૂટમાં ફેરફાર કરવા લોકમાંગ ઉઠી

દામનગર, તા. ૦૨

ગુજરાત સરકાર દ્વારા સાવરકુંડલા ડેપોને ફાળવાયેલી નવી આધુનિક બસ હાલમાં સાવરકુંડલા-કૃષ્ણનગર વાયા લીલીયા, દામનગર, ઢસા, ગઢડા થઈને બોટાદ રૂટ પર ચાલે છે, જે ગ્રામ્ય પ્રજા માટે ખૂબ ઉપયોગી બની છે. જોકે, દામનગર અને લીલીયા વિસ્તારના અનેક દર્દીઓ સારવાર માટે ટીંબી ગામની નિર્દોષાનંદ હોસ્પિટલે જાય છે. વળી, આ વિસ્તારમાંથી ઉમરાળા કે વલભીપુર જવા માટે કોઈ સીધી બસ સુવિધા ઉપલબ્ધ નથી. તેથી, આ બસને દામનગરથી ટૂંકા માર્ગે લીમડા અને રંઘોળા ચોકડી થઈને ટીંબી, ઉમરાળા તથા વલભીપુર તરફ ચલાવવામાં આવે તો મુસાફરોનો વધારાનો ખર્ચ બચશે અને એસ.ટી. તંત્રની આવક પણ વધશે. અમરેલી વિભાગીય નિયામક આ બાબતે યોગ્ય નિર્ણય લે તેવી લોકલાગણી છે.

## મોટી કુંકાવાવ ગામે ઝેરી પાઉડર પી લેનાર યુવતીનું સારવાર દરમિયાન મોત

વડિયા, તા. ૦૨

વડિયાના મોટી કુકાવાવ ગામે ઝેરી પાઉડર પી લેનાર એક યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. કિશોરભાઈ ભીખાભાઈ વિરાણી (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, નયનાબેન કિશોરભાઈ વિરાણી (ઉ.વ.૨૩) કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી ગયાં હતાં, જેથી તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. યુવતીના અકાળે મોતથી પરિવારજનો શોકમગ્ન થઈ ગયા છે. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એલ. જાડેજા આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.







## :: વિષયઃ-દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ ::

આથી અમે નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામાં આવે છે. અમારાની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપેલ હતી.જેની વિગત નીચે મુજબ છે.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકોઃ– લીલીયા, મોજે-ટીંબડીના ખેડ ખાતા નં.૨૭૯ જેના રે.સર્વે નં.૨૯૧,જેનુ કુલ ક્ષેત્રફળ :-૨-૫૪-૯૫ હે.આરે.ચો.મી. (૧) વિલાસબેન હસમુખભાઈ ભલાણી,(૨)આશિષકુમાર હસમુખભાઈ ભલાણી, ના નામે ચાલે છે.જે જુની શરતની છે. ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તાના સયુંક્ત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હિસ્સો,લાગ ભાગ ચાલી આવેલ નથી તેવું જણાવીને મજકુર મિલક્ત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે.જેથી સદરહુ મિલકતમાં જો કોઈનો વાંધો, વિરોધ કે હકક,હીત, સંબંધ,લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હક્ક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગરતો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે (દિન–૭)મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક, હીત, હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમ માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈપણ વ્યક્તિ કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી,જેની જનતાને નોંધ લેવી.

**સરનામુઃ-દેવ કોર્પોરેટ ઓફીસ ગ્રામ પંચાય કચેરીની સામે,**
**લીલીયા મોટા-૩૬૫૫૩૫,**
**મો.૮૪૬૦૪૪૮૧૮૨,મો.૯૪૨૬૫૫૪૧૭૨**

**સહી,**

........................

યમરાજાનો પંજો અમરેલી જિલ્લામાં ફરી વળ્યો

# જિલ્લામાં અકસ્માતની ત્રણ ઘટનામાં ત્રણના મોત

**અકસ્માત સર્જી વાહનચાલક નાસી જતા પોલીસે પકડવા ચક્રો ગતિમાન કર્યા**

અમરેલી, તા. ૦૨

અમરેલી જિલ્લામાં અકસ્માતની ત્રણ ઘટના બની હતી. જેમાં બે લોકોના મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો. બાબરાના જીવાપર (વાવડી) ગામે રહેતા પ્રવિણભાઈ રવજીભાઈ વિરડીયા (ઉ.વ.૫૧) એ જાહેર કર્યા મુજબ, તેમના પિતાજી રવજીભાઈ વિરડીયા ઘરેથી સાયકલ લઈ સવારના આશરે પોણા સાતેક વાગ્યે ધરાઈ ગામે શ્રી બાલમુકુંદજીની હવેલીએ દર્શન કરવા જતાં હતા. તે દરમ્યાન સવારના સવા સાતેક વાગ્યે વાવડી ગામથી ધરાઈ ગામે જતા હાઈવે રોડ ઉપર કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં, ગંભીર ઈજા થવાથી તેમના પિતાજીનું મોત થયું હતું. અકસ્માત બાદ અજાણ્યો ચાલક નાસી ગયો હતો.

અકસ્માતની બીજી ઘટનામાં રાજુલાના હિંડોરણામાં રહેતા મેહુલભાઈ કાનાભાઈ બારૈયા (ઉ.વ.૨૪) એ ઈકો કાર ચાલક ભાવેશભાઈ ભગવાનભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના માતા જયાબેન કાનાભાઈ બારૈયા (ઉ.વ.૬૦) હિંડોરણા ગામથી બર્બટાણા ગામે જવા નીકળ્યા હતા. હિંડોરણા ગામમાં રાજુલાથી જાફરાબાદ રોડ ઉપર હરભોલે હોટેલની પાસે રોડની બાજુમાં સબસ્ટેશનની પાસે બેઠા હતા, તે સમયે ઈકોના ચાલક ભાવેશભાઈ ગફલતભરી રીતે ગાડી ચલાવીને આવ્યો હતો. જેથી ઈકો ગાડીનું આગળનું ટાયર માતા પર ફરી વળ્યું હતું. શરીરમાં અલગ-અલગ જગ્યાઓ ઉપર ગંભીર ઈજા થવાથી તેમના માતાનું મોત થયું હતું.ત્રીજા બનાવમાં લાઠીના શેખ પીપરીયા ગામે રહેતા ભીખાલાલ મેઘજીભાઈ સોલંકી (ઉ.વ. ૪૯) એ બોલેરો ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો દીકરો તા. ૨૨/૦૪/૨૦૨૬ ના રોજ અમરેલીથી શેખ પીપરીયા ગામે જતો હતો. ત્યારે સાંજના આશરે પાંચ થી સાડા પાંચ વાગ્યાના અરસામાં અમરેલી-લાઠી રોડ ઉપર ઈશ્વરીયા થી વરસડા ગામ વચ્ચે આવેલ બી.એન.ડી.ની બાજુમાં પીરદાદાની દરગાહના બોર્ડ પાસે પહોંચતા જ બોલેરો ચાલકે તેમના દીકરાને ટક્કર મારી હતી, જેમાં તેમના દીકરાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ચાલક વાહન લઈ નાસી ગયો હતો.

# બગસરામાં સાર્વજનિક પ્લોટ પર લાયબ્રેરીનું બાંધકામ અટકાવવા પાલિકાને રજૂઆત

બગસરા,તા.૦૨

બગસરાના ગાયત્રીનગર વિસ્તારમાં આવેલા સાર્વજનિક પ્લોટ પર લાયબ્રેરીનું પાકું બાંધકામ અટકાવવા સ્થાનિક રહીશોએ નગરપાલિકાના ચીફ ઓફિસર અને પ્રમુખને લેખિત અરજી આપી ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. રહીશોના જણાવ્યા મુજબ, આ ખુલ્લો પ્લોટ સામાજિક પ્રસંગો, બાળકોની રમત-ગમત અને વડીલો-મહિલાઓના બેસવા માટે રાખવામાં આવ્યો છે. સરકારી નિયમો અનુસાર સોસાયટીના સાર્વજનિક પ્લોટનો ઉપયોગ માત્ર ખુલ્લી જગ્યા તરીકે જ કરવાનો હોય છે અને ત્યાં કોઈ કાયમી બાંધકામ થઈ શકે નહીં.

જો નિયમોનું ઉલ્લંઘન કરીને અહીં બાંધકામ શરૂ કરાશે તો સોસાયટીની મોકળાશ છીનવાઈ જશે અને ભવિષ્યમાં ટ્રાફિક જેવી ગંભીર સમસ્યાઓ ઊભી થશે.

આથી રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક અગ્રણીઓએ ચીમકી આપી છે કે જો આ ગેરકાયદેસર બાંધકામ તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે તો તમામ રહીશો ભેગા મળીને ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરશે અને ન્યાય માટે કાનૂની આશરો લેશે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૯૧મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા,તા.૦૨

ચલાલાના ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ખાતે આગામી ૧૦ જૂન ૨૦૨૬, બુધવારના રોજ યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ૨૯૧મો નિઃશુલ્ક નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે તથા સ્વ. બાબુલાલ વાલજીભાઈ રૂપારેલીયાના આર્થિક સહયોગથી આ આયોજન કરાયું છે. કેમ્પમાં નિષ્ણાંત ડોક્ટરો દ્વારા શ્વાસ, ડાયાબિટીસ, હરસ-મસા અને પેટના રોગો સહિતની તમામ બીમારીઓની તપાસ કરી મફત દવા અપાશે. આ ઉપરાંત, દંતયજ્ઞમાં દાંત કાઢવા તેમજ ચાંદી પૂરવાની સારવાર



વિનામૂલ્યે કરાશે. આંખના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને રાજકોટ હોસ્પિટલ લઈ જઈ ફેકોમશીન દ્વારા મફત નેત્રમણી મૂકી આપવામાં આવશે, જેના માટે દર્દીઓએ પોતાના સરકારી ઓળખપત્ર (આધારકાર્ડ)ની ૩ ઝેરોક્ષ નકલ સાથે લાવવાની રહેશે. સંસ્થાના વડા ડો. રતિદાદાએ ચલાલા અને ગ્રામ્ય વિસ્તારના લોકોને આ કેમ્પનો મહત્તમ લાભ લેવા અપીલ કરી છે.

# લીલીયા મોટા આધારકાર્ડની કામગીરી પોસ્ટ ઓફિસમાં શરૂ કરવામાં આવી

લીલીયા,તા.૦૨

લીલીયા મોટા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકો માટે આધારકાર્ડ સંબંધિત કામગીરી હવે સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. વહીવટી તંત્રના સહયોગથી શરૂ કરાયેલી આ વ્યવસ્થાના કારણે સ્થાનિક લોકોને નવા આધારકાર્ડ કઢાવવા



અથવા જૂના કાર્ડમાં જરૂરી સુધારા-વધારા કરાવવા માટે પડતી મુશ્કેલીઓનો હવે કાયમી ઉકેલ આવી ગયો છે.અગાઉ આ નાની-મોટી કામગીરી માટે પણ લોકોને દૂરના શહેરો કે કેન્દ્રો પર ધક્કા ખાવા પડતા હતા, જેના લીધે તેમનો કિંમતી સમય અને પૈસા બંનેનો ભારે વ્યય થતો હતો. હવે લીલીયા મોટાની પોસ્ટ ઓફિસ ખાતે જ નવું આધારકાર્ડ બનાવવાની સાથે નામ, સરનામું, જન્મતારીખ અને મોબાઈલ નંબર અપડેટ કરવા જેવી તમામ સુવિધાઓ સ્થાનિક સ્તરે જ ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે.

# કોટા કણકોટ ખાતે રોકળીયા દવે પરિવાર દ્વારા ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાશે

લીલીયા,તા.૦૨

લીલીયા તાલુકાના કોટા કણકોટ ખાતે આવેલા કમલાનંદ ભવન ખાતે બાજ ખેડાવાળા બ્રાહ્મણ રોકળીયા દવે પરીવાર દ્વારા ત્રિવેણી સંગમનો ભવ્ય કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. આ ત્રિવેણી સંગમ અંતર્ગત આગામી તારીખ ૦૭-૦૬-૨૦૨૬ના પરિવારના દિવસે ઓગણીસમો પાટોત્સવ, રોકળીયા દવે પરિવારનું સ્નેહ મિલન તથા પરિવારના ધોરણ ૧ થી ૯ ના હાજર વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહિત ભેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રોકળીયા દવે પરીવાર કુળદેવી ટ્રસ્ટ દ્વારા આ પાટોત્સવમાં મોટી સંખ્યામાં સહ પરિવાર હાજર રહીને બાપાના આશીર્વાદ તથા મહાપ્રસાદ લેવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

માનવભક્ષી શ્વાનો સામે તંત્ર લાચાર રહેતા ગ્રામજનોએ મોરચો સંભાળ્યો

# ખાન ખીજડીયામાં ગ્રામજનોએ બે શ્વાનને પકડ્યા

**કરડવા દોડતા એક શ્વાનને સ્વબચાવમાં પતાવી દીધો, હજુ બે શ્વાનને લઈ લોકોમાં ભય**

વડીયા,તા.૦૨

વડીયા તાલુકાના ખાન ખીજડીયા ગામમાં છેલ્લા ૨૦ થી ૨૫ દિવસથી ચાર માનવભક્ષી શ્વાનોએ ફફડાટ ફેલાવ્યો હતો. આ હિંસક શ્વાનોએ સીમ વિસ્તારમાં શ્રમિકોના ચાર બાળકો પર જીવલેણ હુમલા કર્યા હતા, જેમાં બે નિર્દોષ બાળકોના કરૂણ મોત નીપજ્યા છે અને એક બાળક હજુ પણ જીવન-મરણ વચ્ચે ઝોકા ખાઈ રહ્યું છે. આ ગંભીર બાબતે તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્ર ઘોર નિદ્રામાં રહ્યું હતું. આખરે ગ્રામજનોનો આક્રોશ ભભૂકતા, તેઓએ બાળકોની સુરક્ષા માટે જાતે જ મોરચો સંભાળ્યો હતો. ગામલોકોએ 'ભૂંડ



પકડવાની ટીમ'ની મદદથી સીમમાં સર્ચ ઓપરેશન હાથ ધરી ભારે જહેમત બાદ બે મુખ્ય આદમખોર શ્વાનોને ઝડપી લીધા હતા. જેમાંથી એક ખૂંખાર શ્વાન હુમલો કરવા દોડતા સ્વબચાવમાં મોતને ઘાટ ઉતારાયો હતો અને બીજાને બાંધી લેવાયો હતો. જોકે, હજુ પણ બે હિંસક શ્વાનો નાસી છૂટ્યા હોવાથી ખેડૂતો અને મજૂરોમાં ડરનો માહોલ છે. ગામના સરપંચ અશોકભાઈ દાફડાએ સરકારને રજૂઆત કરી છે કે આવી ઘટનાઓ ગામોગામ બનતી હોવાથી જિલ્લા મથકે ખાસ આવી ટીમોની રચના કરવામાં આવે જે આવા શિકારી શ્વાનોને પકડી શકે.






# બાબરાના અમરાપરામાં સર્પદંશથી યુવકનું મોત

**યુવકનું મોત થતા પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો**

બાબરા, તા.૦૨

ઉનાળાની ગરમીના કારણે ઘણા સરીસૃપો દરમાંથી બહાર નીકળી આવ્યા છે. બાબરાના અમરાપરામાં સર્પદંશથી યુવકનું મોત થયું હતું. રાજેશભાઈ બાબુલાલ સરવૈયા (ઉ.વ.૬૧), એ જાહેર કર્યા મુજબ ગુંજનકુમાર પ્રવિણભાઈ ચૌહાણ (ઉ.વ.૩૮) પોતાના ઘરે પલંગ ઉપર સુતા હતા તે દરમિયાન સાપ કરડવાથી મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.આર. દાંતી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અવસાન નોંધ

**જસદણ**

ઔદિચ્ય ગુજરાતી સાડાચારસો બ્રાહ્મણ મૂળ જસદણ (હાલ - લેસ્ટર લંડન) નિવાસી સ્વ. મૂળશંકર ભવાનીશંકર વ્યાસના પૌત્ર અને જનકરાય મૂળશંકર વ્યાસના પુત્ર ઋષિકેશ જનકરાય વ્યાસ (ઉ. વર્ષ. ૪૬) નું તા.૩૧-૫-૨૦૨૬ ના રવિવારે લેસ્ટર લંડન ખાતે દુઃખદ અવસાન થયેલ છે. જે મન અને હર્ષના પિતા તથા નેહાબેન નિરજકુમાર જોષીના (લંડન)ના મોટાભાઇ, તે ઉપેન્દ્રભાઇ મૂળશંકર વ્યાસના ભત્રીજા તથા સ્વ. મનુભાઇ રેવાશંકરભાઇ શુક્લ (સ્વ. ચંદનબેન)ના ભાણેજ અને સ્વ. રવીન્દ્રભાઇ ધીરજલાલ જોષી (દામનગર)ના જમાઇ, તે દિપકભાઇ તથા જાનકીબેન હિતેશકુમાર શુક્લના બનેવી થાય. સદગતનું બેસણું તા.૪-૬-૨૦૨૬ ને ગુરૂવારના રોજ ગાયત્રી મંદિર, લાયબ્રેરી હોલ, જસદણ ખાતે, બપોરે ૪-૩૦ થી ૬ કલાકે રાખેલ છે. શ્વસુરપક્ષનું બેસણું સાથે રાખેલ છે.





સંકુલ કોલેજ ગર્લ્સને ઘરેથી એકલા આવવાની ઘરે એકલા જવાની પેરન્ટ્સની સમંતિથી છૂટ

સંકુલ PG ગર્લ્સને સન્ડે મોર્નિંગ સીટીમાં જવાની પેરન્ટ્સની સમંતિથી છૂટ

સંકુલ કોલેજ ગર્લ્સને અભ્યાસમાં આગળ વધવા પેરેન્ટ્સની સમંતિથી ફોન રાખવાની છૂટ

સંકુલ સ્કૂલ ગર્લ્સને અભ્યાસમાં મંડયા રહેવા પેરેન્ટ્સનાં સુચનથી ફોન રાખવાની મનાઈ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી-Ad 089





## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૭/૨૦૨૬

પ્રતિ,
શ્રી હનેશ અબ્દુલ ગોવાલ્સરી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ હનેશ અબ્દુલ ગોવાલસરી તથા રેશમાબેન હનેશ ગોવાલસરીના પુત્રી શાબીરા હનેશ ગોવાલસરીનો જન્મ તારીખ.૨/૨/૨૦૨૦ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૨૦૨૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર




તંત્રી લેખ

# ઓછા વરસાદની આગાહી ચિંતાજનક

ભારત માટે જૂન મહિનો માત્ર ઋતુ પરિવર્તનનો સમય નથી, પરંતુ કૃષિ, અર્થતંત્ર અને સામાન્ય જનજીવન માટે આશા અને અપેક્ષાઓનો મહિનો છે. આ વર્ષે ચોમાસા અંગે મળતા સંકેતો ચિંતાજનક છે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા સામાન્ય કરતાં ઓછા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ અલનીનોની અસર અને વધુ ગરમીના દિવસોની આગાહી પણ કરવામાં આવી છે, જેના કારણે દેશના વિવિધ ક્ષેત્રોમાં ચિંતા વધી છે.ભારતની અર્થવ્યવસ્થા આજે ઉદ્યોગ, સેવા અને ટેક્નોલોજી ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે, છતાં દેશનો મોટો વર્ગ હજુ પણ કૃષિ પર આધારિત છે. લાખો ખેડૂતો માટે ચોમાસું માત્ર એક ઋતુ નથી, પરંતુ જીવનનો આધાર છે. જો વરસાદ ઓછો પડે તો પાક ઉત્પાદન પર સીધી અસર થાય છે, ખેતીનો ખર્ચ વધે છે અને ખેડૂતોની આવકમાં ઘટાડો થાય છે. તેની અસર માત્ર ગ્રામ્ય વિસ્તારો પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ સમગ્ર અર્થવ્યવસ્થામાં જોવા મળે છે. ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો થવાથી મોંઘવારી વધે છે અને સામાન્ય નાગરિકોના જીવન પર પણ અસર પડે છે.આ ચિંતા વધુ ગંભીર એટલા માટે બને છે કે દેશ પહેલેથી જ અનેક વિસ્તારોમાં અસહ્ય ગરમીનો સામનો કરી રહ્યો છે. વધતી ગરમી માનવ આરોગ્ય માટે જોખમરૂપ છે. સાથે જ પાણીના સ્રોતો પર દબાણ વધે છે અને વીજળીની માંગમાં પણ વધારો થાય છે. શહેરોથી લઈને ગામડાં સુધી પાણીની ઉપલબ્ધતા એક મહત્વપૂર્ણ મુદ્દો બની રહી છે. જો ચોમાસું નબળું રહે તો જળાશયો, ડેમો અને ભૂગર્ભ જળસ્તર પર વધારાનો ભાર આવશે. તેથી પાણીના સંરક્ષણ અને યોગ્ય ઉપયોગ પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.આ પરિસ્થિતિમાં પાણી વ્યવસ્થાપન સૌથી મહત્વપૂર્ણ પડકાર તરીકે સામે આવે છે. વરસાદી પાણીનો સંગ્રહ, જળ સંરક્ષણ અને પાણી બચત અંગેની યોજનાઓને અસરકારક રીતે અમલમાં મૂકવી આવશ્યક છે. માત્ર સરકારી સ્તરે જ નહીં, પરંતુ નાગરિકોની ભાગીદારી પણ એટલી જ જરૂરી છે. પાણીનો બગાડ અટકાવવો અને ઉપલબ્ધ સંસાધનોનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો સમયની માંગ છે. કૃષિ ક્ષેત્રે પણ નવી વિચારસરણી અપનાવવાની જરૂર છે. ઓછા પાણીમાં થતી ખેતી, ડ્રિપ ઈરિગેશન, માઈક્રો ઈરિગેશન અને પાક વૈવિધ્યકરણ જેવા વિકલ્પો હવે આવશ્યક બની રહ્યા છે. ખેડૂતોને સમયસર માહિતી, માર્ગદર્શન અને તકનીકી સહાય પૂરી પાડવાથી તેઓ બદલાતી પરિસ્થિતિનો વધુ સારી રીતે સામનો કરી શકશે. કૃષિ સંસ્થાઓ, વૈજ્ઞાનિકો અને સ્થાનિક તંત્ર વચ્ચે વધુ સંકલન જરૂરી છે.અર્થતંત્રના દૃષ્ટિકોણથી પણ નબળા ચોમાસાની સંભાવના મહત્વપૂર્ણ છે. વૈશ્વિક અનિશ્ચિતતા, ઊર્જા ખર્ચમાં વધારો અને નિકાસ ક્ષેત્રના પડકારો વચ્ચે જો વરસાદ ઓછો પડે તો ગ્રામ્ય માંગ પર અસર થશે. પરિણામે દેશના વિકાસદર પર પણ તેની અસર જોવા મળી શકે છે.જોકે પડકારો વચ્ચે તકો પણ રહેલી છે. આ સમય જળ સંરક્ષણ, પર્યાવરણ સુરક્ષા અને હવામાન પરિવર્તન સામેની લાંબા ગાળાની તૈયારીને મજબૂત બનાવવાનો અવસર છે. સરકાર, ઉદ્યોગો, સામાજિક સંસ્થાઓ અને નાગરિકો મળીને જો જવાબદારીપૂર્વક કાર્ય કરે તો આ પડકારને તકમાં પરિવર્તિત કરી શકાય છે. નબળા ચોમાસાની ચેતવણીને માત્ર હવામાન સંબંધિત સમાચાર તરીકે નહીં, પરંતુ કૃષિ, પાણી અને અર્થતંત્ર સાથે જોડાયેલા રાષ્ટ્રીય પડકાર તરીકે જોવાની જરૂર છે. સમયસર આયોજન અને સામૂહિક પ્રયાસો દ્વારા જ ભારત આ પડકારનો સફળતાપૂર્વક સામનો કરી શકશે.

# અમરેલી પાલિકા પ્રમુખ સહિત વોર્ડ નં. ૩માં નવનિયુક્ત હોદ્દેદારોની શુભેચ્છા મુલાકાત



અમરેલી, તા. ૦૨

અમરેલી નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયા, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય તથા વોર્ડ નંબર ૩ના પ્રતિનિધિ દેવરાજભાઈ બાબરીયા સહિતના આગેવાનો સાથે નગરપાલિકાના સભ્યોએ એક શુભેચ્છા મુલાકાત યોજી હતી. આ બેઠક દરમિયાન તમામ સભ્યોએ નવનિયુક્ત પદાધિકારીઓને પુષ્પગુચ્છ આપીને સફળ કાર્યકાળ માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે જ વોર્ડ વિસ્તારના બાકી રહેલા વિકાસલક્ષી કામો તેમજ સ્થાનિક પ્રશ્નો અંગે પ્રમુખને વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી, જેને પ્રમુખે હકારાત્મક પ્રતિસાદ આપી વહેલી તકે ઉકેલવાની ખાતરી આપી હતી. આ પ્રેરણાદાયી પ્રસંગે વિજયભાઈ પરમાર, વિઠ્ઠલભાઈ બગડા, ભગુભાઈ સોલંકી, જેંતીભાઈ સોંદરવા, દિલીપભાઈ ચાવડા, જયરાજભાઈ દાફડા, જગદીશભાઈ ચૌહાણ અને અશોકભાઈ દાફડા સહિતના અગ્રણીઓ તથા સ્થાનિક કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અમરેલીમાંથી તીનપત્તી રમતા ૩ ઈસમો પોલીસના હાથે ઝડપાયા

**પોલીસે રૂ.૧.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી, તા. ૦૨

અમરેલીમાંથી પોલીસે તીનપત્તીનો જુગાર રમતા ૩ ઈસમોને રોકડા રૂપિયા અને મુદ્દામાલ મળી કુલ રૂ. ૧.૨૮ લાખની મતા સાથે ઝડપી પાડ્યા હતા. કિશનભાઈ જગદીશભાઈ સિંધવ, આદિત્યભાઈ અમીતભાઈ વડેરા તથા ગોપાલભાઈ મનીષભાઈ સિંધવ જાહેરમાં ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂા. ૬,૦૮૦ અને અલગ-અલગ કંપનીના ૪ નંગ મોબાઈલ મળી કુલ રૂ. ૧,૨૮,૦૮૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કિશન ભુપતભાઈ આસોદરીયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પરિણીતાને ગાળો આપી જાનથી મારવાની ધમકી અપાઈ

અમરેલી, તા. ૦૨

અમરેલીમાં એક પરિણીતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો મામલો સામે આવ્યો છે. આ બનાવ સંદર્ભે ધારીમાં રહેતાં નાઝમીનબેન ફૈઝલ રઈશ (ઉ.વ. ૨૪) એ અમરેલીમાં રહેતા પતિ ફૈઝલ ઈસાભાઈ રઈશ, સાસુ ઝરીનાબેન ઈસાભાઈ રઈશ, સસરા ઈસાભાઈ મુરાદભાઈ રઈશ તથા જેઠ/દિયર અયુબભાઈ ઈસાભાઈ રઈશ સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, પતિ સહિતના સાસરિયાઓએ અમરેલી મુકામે પરિણીતાને ગાળો આપી માર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી અવારનવાર શારીરિક તથા માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો. આ અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જેવાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચીતલની પરિણીતાને અમદાવાદમાં નણંદે ગાળો આપી, પતિએ પહેરેલા કપડે ઘરેથી કાઢી મૂકી

**કરિયાવર બાબતે સતત મેણા-ટોણા મારતા હતા**

અમરેલી, તા. ૦૨

ચીતલની પરિણીતા પર અમદાવાદમાં સાસરિયાઓએ અત્યાચાર ગુજાર્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં નણંદે ગાળો આપી હતી તેમજ પતિ સહિતના અન્ય સાસરિયાઓએ કરિયાવર બાબતે મેણા-ટોણા માર્યા હતા. પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી, પરિણીતાને પહેરેલા કપડે જ ઘરેથી કાઢી મૂકી હતી.આ બનાવ અંગે અંજનાબેન માવજીભાઈ પરમાર (ઉ.વ.૩૫) એ અમદાવાદમાં રહેતા પતિ મહેન્દ્રભાઈ ઉર્ફે રાહુલભાઈ નવીનભાઈ મહેરીયા, સાસુ પારૂલબેન, નણંદ રેખાબેન દિનેશભાઈ પરમાર, નણંદોયા દિનેશભાઈ હરીભાઈ પરમાર, નણંદના દીકરા જેનીલ અને કાકાજી સસરા જગદીશભાઈ જીવાભાઈ મહેરીયા સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, લગ્ન સમયગાળા (તા. ૦૭/૧૨/૨૦૨૧ થી તા. ૧૬/૦૫/૨૦૨૫) દરમિયાન અમદાવાદ મુકામે સાસરિયાઓએ કોઈ પણ વાંક વગર ઘરકામ તેમજ કરિયાવર બાબતે અવારનવાર મેણા-ટોણા મારી શારીરિક-માનસિક ત્રાસ આપ્યો હતો. પતિ અને નણંદ ગાળો આપતા હતા, તેમજ પતિએ ઢીકાપાટુનો મૂઢમાર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી પહેરેલા કપડાં સાથે ઘરેથી કાઢી મૂકી હતી. આ અંગે અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના ASI બી. કે. સોળીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જાફરાબાદના ચિત્રાસર ગામે પ્રેમસંબંધમાં પ્રેમિકાને આપેલા ફોનને લઈ પ્રેમી પર હુમલો

**સળિયાના ઘા ઝીંકી જાનથી મારવાની ધમકી**

જાફરાબાદ, તા. ૦૨

જાફરાબાદના ચિત્રાસર ગામે પ્રેમસંબંધમાં પ્રેમિકાને આપેલા ફોનને લઈ પ્રેમી પર હુમલો કરવામાં આવ્યો હતો. યુવતીના પરિવારજનો દ્વારા યુવકને સળિયાના ઘા ઝીંકી ફટકારવામાં આવ્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે જશુભાઈ પુનાભાઈ રાઠોડ (ઉ.વ. ૨૬) એ ભાવેશભાઈ ભુપતભાઈ બાંભણીયા તથા રાજેશભાઈ ભુપતભાઈ બાંભણીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને આરોપીની બહેન સાથે છ-સાત વર્ષથી પ્રેમસંબંધ હતો. તેમણે આરોપીની બહેન સાથે વાતચીત કરવા માટે ફોન આપ્યો હતો, જેની જાણ આરોપીઓને થતાં તેની દાઝ રાખી લોખંડના સળિયાથી આડેધડ માર માર્યો હતો. ઉપરાંત ડાબા હાથની કોણીથી આગળના ભાગે ફેક્ચર જેવી ઈજા કરી, ગાળો આપી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં યુવકને ગાળો આપી શખ્સો છરી લઈ મારવા દોડ્યા

બાબરા, તા. ૦૨

બાબરામાં એક યુવકને ગાળો આપી કેટલાક શખ્સો છરી લઈ મારવા દોડ્યા હતા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે રમેશભાઈ વિરજીભાઈ જીલિયા (ઉ.વ. ૨૮) એ સુભાષભાઈ બાબુભાઈ કાવઠિયા, સુરેશભાઈ બાબુભાઈ કાવઠિયા તથા રઘુભાઈ બાબુભાઈ કાવઠિયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીઓએ તેમને જેમ-ફાવે તેમ ગાળો આપી હતી. આ દરમિયાન સુભાષભાઈ કાવઠિયા છરી લઈને મારવા દોડ્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. કે. મકવાણા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૮૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૨ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૧૮ |
| જુવાર સફેદ | ૯૬૦ | ૧૦૯૧ |
| જુવાર લાલ | ૮૫૦ | ૯૭૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૨ |
| બાજરી | ૩૫૦ | ૪૬૧ |
| મકાઇ | ૩૮૦ | ૪૪૫ |
| તુવેર | ૧૨૩૦ | ૧૫૨૫ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૬૮૦ |
| અડદ | ૧૨૧૦ | ૧૬૪૨ |
| મગ | ૧૩૦૧ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૮૮ |
| ચોળી | ૯૦૦ | ૧૫૧૨ |
| વટાણા | ૬૦૦ | ૮૯૦ |
| કળથી | ૩૫૧ | ૪૦૫ |
| રાજમા | ૬૧૫ | ૧૭૬૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૨૭૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૨૬૫ | ૧૬૧૧ |
| તલી | ૧૮૭૦ | ૨૩૮૦ |
| સુરજમુખી | ૧૦૮૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૩૧૬ |
| અજમો | ૨૦૫૦ | ૨૬૧૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૩૦૧ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૬૩૩ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૭૧૫ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૫૩૬ |
| લસણ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ધાણા | ૨૧૬૦ | ૨૪૯૦ |
| ધાણી | ૨૩૫૦ | ૨૬૪૦ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૮૨૪ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૮૯૦ |
| રાય | ૧૨૬૦ | ૧૭૧૦ |
| મેથી | ૧૧૩૦ | ૧૭૬૦ |
| ઇસબગુલ | ૧૭૫૦ | ૨૨૮૦ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૪૫૫ |
| રાયડો | ૧૨૨૦ | ૧૪૨૦ |
| રજકાનું બી | ૫૨૫૦ | ૭૩૫૦ |
| ગુવારનું બી | ૧૦૪૦ | ૧૧૫૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૦૭ | ૬૧૩ |
| લીંબુ | ૧૦૦૭ | ૧૯૭૬ |
| સાકરટેટી | ૧૧૨ | ૨૭૯ |
| તરબુચ | ૧૧૨ | ૨૦૫ |
| પપૈયા | ૯૮ | ૧૮૬ |
| બટેટા | ૧૦૮ | ૨૯૫ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૭૦ |
| ટમેટા | ૩૮૫ | ૬૭૯ |
| સુરણ | ૮૧૯ | ૧૦૩૫ |
| કોથમરી | ૭૬૮ | ૧૧૫૪ |
| રીંગણા | ૧૧૫ | ૨૪૨ |
| કોબીજ | ૧૨૮ | ૨૧૧ |
| ફ્લાવર | ૩૦૭ | ૬૪૩ |
| ભીંડો | ૧૮૯ | ૪૨૫ |
| ગુવાર | ૩૫૬ | ૮૧૨ |
| ચોળાસીંગ | ૪૪૯ | ૬૩૮ |
| ટીંડોળા | ૩૫૧ | ૬૫૮ |
| દુધી | ૧૦૩ | ૨૧૬ |
| કારેલા | ૨૮૩ | ૫૦૭ |
| સરગવો | ૨૮૬ | ૫૬૮ |
| તુરીયા | ૪૭૬ | ૭૬૫ |
| પરવર | ૫૦૧ | ૬૬૬ |
| કાકડી | ૨૮૮ | ૫૧૨ |
| ગાજર | ૩૧૧ | ૫૪૩ |
| વટાણા | ૧૦૪૩ | ૧૫૮૬ |
| ગલકા | ૧૫૯ | ૨૭૬ |
| બીટ | ૧૭૧ | ૨૮૫ |
| મેથી | ૮૩૭ | ૧૪૨૫ |
| ડુંગળી લીલી | ૬૮૬ | ૯૭૭ |
| આદુ | ૧૪૦૩ | ૧૬૩૨ |
| મરચા લીલા | ૫૦૩ | ૬૮૫ |
| મકાઇ લીલી | ૨૩૭ | ૪૪૭ |
| ગુંદા | ૨૫૫ | ૪૪૬ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૨૧ | ૧૮૨૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૬૦૨ |
| સિંગદાણા જાડા | ૧૬૫૧ | ૧૯૧૧ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૮૪૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૩૨૬ |
| જીરૂ | ૨૬૫૧ | ૪૦૬૧ |
| કલંજી | ૧૦૦૧ | ૩૩૬૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૬૨૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૫૩૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૪૪૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૪૧૬ |
| અડદ | ૯૦૦ | ૧૬૪૧ |
| મઠ | ૭૫૧ | ૭૫૧ |
| તુવેર | ૯૦૦ | ૧૫૭૧ |
| રાયડો | ૧૨૩૧ | ૧૪૦૦ |
| રાય | ૧૬૦૧ | ૧૬૯૧ |
| સુવાદાણા | ૫૫૧ | ૧૩૦૧ |
| કાંગ | ૪૭૧ | ૪૭૧ |
| સુરજમુખી | ૧૨૪૧ | ૧૨૪૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૫૯૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૫૮૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૯૪૧ |
| ડુંગળી સફેદ | ૧૬૨ | ૨૩૨ |
| બાજરો | ૩૪૧ | ૪૪૧ |
| જુવાર | ૪૩૧ | ૯૯૧ |
| મકાઇ | ૪૪૧ | ૪૪૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૯૬ |
| વાલ | ૫૦૦ | ૯૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૪૮૧ |
| સોયાબીન | ૧૧૭૧ | ૧૫૧૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૫૧ |
| વટાણા | ૪૦૦ | ૮૭૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૮૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૪૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૭૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૪૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૭૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| પાલક પુરા | ૩ | ૬ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૩૦ | ૧૩૨૫ |
| શિંગ મોટી | ૧૦૭૦ | ૧૪૬૦ |
| શિંગ દાણા | ૧૭૬૦ | ૨૨૦૦ |
| શિંગ દાણા ફાડા | ૧૧૫૦ | ૧૭૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૫૦ |
| કાળા તલ | ૨૦૭૦ | ૩૯૩૦ |
| તલ કાશમીરી | ૨૨૮૦ | ૨૩૪૫ |
| બાજરો | ૨૧૫ | ૪૬૦ |
| જુવાર | ૪૮૦ | ૯૮૫ |
| ઘઉં બંસી | ૫૭૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૯૦ |
| મગ | ૧૪૭૫ | ૧૬૭૫ |
| અડદ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ચણા | ૯૪૫ | ૧૧૮૦ |
| ચણા દેશી | ૧૧૧૫ | ૧૧૩૦ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| છોલે ચણા | ૧૦૫૦ | ૧૩૭૫ |
| તુવેર | ૮૨૦ | ૧૫૭૫ |
| કપાસ | ૧૦૫૦ | ૧૮૪૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૯૦ |
| જીરુ | ૨૯૦૦ | ૩૭૧૦ |
| રાય | ૧૪૦૫ | ૧૫૭૦ |
| ધાણા | ૨૧૯૫ | ૨૩૯૦ |
| ધાણી | ૨૦૮૫ | ૨૪૯૦ |
| અજમાં | ૨૧૭૫ | ૨૩૪૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૧૦૦૫ | ૧૪૫૫ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૧૧૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૮૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૫૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૭૯૦ | ૯૨૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૭૫૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૫૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| સરગવો | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૩૯૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| કાચી કેરી | ૧૧૫૦ | ૧૫૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૧૫૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૫૦૫ |
| શીંગ મોટી | ૧૨૧૦ | ૧૪૦૦ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૮૨૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૮૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૬૨૧ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૬૩૫ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૮૨ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૩૦૦ | ૪૮૦ |
| જુવાર | ૭૦૦ | ૧૧૨૫ |
| મકાઈ | ૩૫૦ | ૫૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૫૯૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૨૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૩૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૮૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૧૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૩૦ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૮૯૦ | ૩૧૦૦ |
| જીરૂ | ૨૮૪૦ | ૩૮૦૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| મગ | ૧૩૮૫ | ૧૫૨૫ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૭૬૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ઘઉં લોકવન | ૩૯૬ | ૪૫૧ |
| અડદ | ૧૪૩૫ | ૧૪૩૫ |
| જુવાર | ૪૨૫ | ૪૨૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૨૯૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૭૫ |
| તલ કાળા | ૧૬૪૦ | ૩૦૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૩૮૦ |
| એરંડી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| મગ | ૧૦૬૦ | ૧૫૨૫ |
| સોયાબીન | ૮૫૫ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૭૬૨ | ૨૨૬૨ |
| લસણ | ૮૨૫ | ૧૫૫૫ |
| શીંગદાણા | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ઘઉં ટુકડા | ૩૭૫ | ૪૩૪ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૬૫ | ૧૪૨૦ |
| ચણા | ૧૦૪૧ | ૧૧૫૩ |
| તુવેર | ૧૧૩૫ | ૧૨૫૫ |
| તુવેર | ૧૧૩૫ | ૧૨૫૫ |
| ધાણા | ૨૨૪૦ | ૨૨૪૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૮૦ |
| એરંડા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| સોયાબીન | ૯૭૦ | ૧૦૫૫ |
| બાજરો | ૪૫૦ | ૪૫૧ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૧ |
| શીંગ ફાડા | ૧૪૦૦ | ૧૪૯૦ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૧૧ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૧૭૫ |
| મગ | ૧૩૬૦ | ૧૫૮૧ |
| ઘઉં લોકવન | ૪૩૭ | ૪૫૯ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ઉ. મગડી | ૧૩૫૧ | ૧૬૩૯ |
| શીંગ મી.નવી | ૧૦૫૦ | ૧૫૯૨ |
| શીંગ ગીરનાર | ૧૨૬૦ | ૧૪૧૮ |
| એરંડા | ૧૧૨૫ | ૧૩૦૨ |
| અડદ | ૫૮૫ | ૧૫૬૩ |
| મગ | ૧૧૦૨ | ૧૬૮૨ |
| મેથી | ૭૮૦ | ૧૩૬૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૨ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૪૭૨ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૫૯૯ |
| મેથી | ૭૮૦ | ૧૩૬૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૨ |
| તુવેર | ૨૫૦ | ૧૨૮૫ |
| ડુંગળી લાલ | ૮૪ | ૪૦૪ |
| ડુંગળી સફેદ | ૨૨૧ | ૨૯૭ |

### ખાંભા

| | | |
|---|---|---|
| મગફળી | ૧૨૯૦ | ૧૨૯૦ |
| ચણા | ૧૧૧૭ | ૧૧૫૧ |
| જુવાર સફેદ | ૮૩૦ | ૯૩૫ |
| તલ સફેદ | ૧૯૭૬ | ૨૪૮૦ |
| તલ કાળા | ૨૮૫૫ | ૩૨૦૧ |
| સોયાબીન | ૧૪૨૨ | ૧૪૨૨ |
| ઘઉં | ૪૧૨ | ૪૩૬ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૮૬૧ |
| ઘઉં | ૩૦૧ | ૪૭૧ |
| મકાઈ | ૨૦૦ | ૨૦૦ |
| મગ | ૯૦૧ | ૧૫૯૬ |
| ચણા | ૮૫૧ | ૧૧૩૧ |
| અડદ | ૮૦૧ | ૧૪૫૬ |
| તુવેર | ૯૦૧ | ૧૪૩૧ |
| મગફળી | ૮૦૧ | ૧૩૭૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૬૧ |
| એરંડા | ૧૧૫૬ | ૧૧૫૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૪૧૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૨૯૦૧ |
| મેથી | ૮૦૧ | ૧૨૦૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૬૩૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૪૦૧ |
| લસણ | ૪૯૧ | ૪૯૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૩૧ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૦૦ | ૧૩૦૭ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૩૮૭ |
| તલ કાળા | ૨૫૦૧ | ૩૩૨૫ |
| કપાસ | ૧૬૨૫ | ૧૮૨૭ |
| બાજરો | ૩૩૫ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૩૭૧ | ૫૦૦ |
| જુવાર | ૩૫૧ | ૧૦૭૧ |
| મગ | ૧૪૬૦ | ૧૬૫૧ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૬૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૩૧ |
| ચણા | ૮૫૦ | ૧૧૩૫ |
| જીરૂ | ૨૭૫૧ | ૩૪૫૧ |
| એરંડી | ૧૦૬૧ | ૧૧૦૦ |
| ધાણા | ૨૩૧૧ | ૨૩૧૧ |
| મેથી | ૯૦૧ | ૧૩૦૦ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૧૫૫૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૯૯૫ | ૧૦૪૫ |
| બાજરો | ૪૫૧ | ૫૦૦ |
| ઘઉં | ૩૭૦ | ૪૭૩ |
| અડદ | ૧૧૩૦ | ૧૫૪૦ |
| તુવેર | ૪૦૫ | ૯૦૫ |
| ચણા | ૯૫૦ | ૧૧૯૩ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| રાયડો | ૧૨૨૦ | ૧૩૯૦ |
| રાય | ૧૨૦૦ | ૧૬૮૦ |
| લસણ | ૮૦૦ | ૧૯૦૦ |
| કપાસ | ૮૦૦ | ૧૭૪૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૩૩૫ |
| અજમો | ૨૦૦૦ | ૩૪૬૫ |
| અમજમાની ભૂસી | ૭૦ | ૩૦૪૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૫૦૦ |
| ડુંગળી | ૧૦૦ | ૩૭૫ |
| વટાણા | ૪૯૦ | ૮૭૫ |
| વાલ | ૭૦૦ | ૭૬૫ |
| મગ | ૧૪૦૦ | ૧૬૮૫ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૨૫ | ૧૫૯૦ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૩૯૯ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૦૩ |
| ઘઉં | ૪૧૧ | ૫૦૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૨૧ |
| મગ | ૧૪૭૫ | ૧૮૯૦ |
| એરડી | ૧૧૫૦ | ૧૨૪૨ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૪૧ |
| રજકો | ૪૦૦૦ | ૬૦૦૦ |




લાગે તો તીર :- અમથાલાલ.. અમથાલાલ..!
હવે હું આવું બધું જોઈ -જોઈને થાકી ગયો
06


# સૂર્યવંશી સચિન બનશે કે કામ્બલી ?



વૈભવ સૂર્યવંશી સર્વકાલિન મહાન ક્રિકેટર બનશે ?

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ સમાપ્ત થઈ ગઈ. આ સીઝનમાં સૌથી વધારે ચર્ચા વૈભવ સૂર્યવંશીએ જગાવી. માત્ર ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશી રાજસ્થાન રોયલ્સ વતી કરેલી સ્ફોટક બેટિંગે સૌને દંગ કરી દીધા છે. ડાબોડી બેટ્સમેન વૈભવે ઝંઝાવાતી બેટિંગ કરીને આ સીઝનમાં ૭૭૪ રન ફટકારી દીધા એ તો નોંધપાત્ર બાબત છે જ પણ વધારે નોંધપાત્ર બાબત વૈભવ સૂર્યવંશીની બેટિંગ સ્ટાઈલ છે. વૈભવ ભલભલા બોલરોને ઉભા ઉભાં જ જે રીતે સિક્સરો અને બાઉન્ડ્રી ફટકારે છે એ જોઈને ઘણાં તેની સરખામણી વિરેન્દ્ર સેહવાગ સાથે પણ કરી રહ્યા છે.

વૈભવ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આવશે પછી વન ડે ઈન્ટરનેશનલ અને ટી ૨૦ ક્રિકેટના મોટા ભાગના વર્લ્ડ રેકોર્ડ્સ પોતાના નામે કરી નાંખશે એવી આગાહીઓ પણ અત્યારથી થઈ રહી છે. વૈભવે આ પહેલાં અંડર-૧૪ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ જોરદાર ચમકારા બતાવ્યા છે તેના કારણે સચિન તેંડુલકર અને વિરાટ કોહલી જેવા મહાન ક્રિકેટરોને પણ પાછળ છોડી દેશે એવી આગાહી પણ કેટલાક અતિ ઉત્સાહી વિવેચકો તો કરવા માંડ્યા છે.

ઘણાંને આ આગાહીઓ અતિશયોક્તિભરી લાગી રહી છે પણ વૈભવ સૂર્યવંશીનો અત્યાર સુધીનો દેખાવ જોતાં તેનામાં ટેલેન્ટ છે એ સાબિત થયું છે. આ ટેલેન્ટે યોગ્ય રીતે ઢાળવામાં આવે તો વૈભવ સૂર્યવંશી ભારતનો જ નહીં પણ વિશ્વનો પણ મહાનતમ બેટ્સમેન બની શકે છે તેમાં કોઈ શંકા નથી. વૈભવ માત્ર ૧૨ વર્ષની ઉંમરે બિહારની અંડર-૧૯ ટીમ માટે વિનુ માંકડ ટ્રોફી રમ્યો હતો. વૈભવે જાન્યુઆરી ૨૦૨૪ માં ફર્સ્ટ-ક્લાસ ડેબ્યૂ કર્યું ત્યારે સૌથી નાની ઉંમરનો લિસ્ટ A ક્રિકેટ રમનારો ખેલાડી બન્યો હતો. વૈભવ એ પહેલાં માત્ર ૧૩ વર્ષની ઉંમરે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રમનારો સૌથી નાની ઉંમરનો ખેલાડી બન્યો હતો.

વૈભવે આ તમામ ફોર્મેટમાં પોતાની નોંધ લેવી પડે એવો જબરદસ્ત દેખાવ કર્યો છે. વૈભવ સપ્ટેમ્બર ૨૦૨૪ માં ઓસ્ટ્રેલિયા અંડર-૧૯ સામે પહેલી ટેસ્ટ રમતાં ૧૦૪ રન ફટકારેલા. વૈભવે પોતાની પહેલી જ અંડર-૧૯ ટેસ્ટમાં ૫૮ બોલમાં સદી ફટકારીને ભારતીય રેકોર્ડ પોતાના નામે કરેલો. વૈભવની સદી અંડર-૧૯ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બીજી સૌથી ઝડપી સદી છે. વૈભવે ૨૦૨૪ના અંડર-૧૯ એશિયા કપમાં યુએઈ સામે ૪૬ બોલમાં ૭૬ રન અને શ્રીલંકા સામે સેમિફાઈનલમાં ૩૬ બોલમાં ૬૭ રન બનાવીને ભારતને જીતાડેલું.

વૈભવે નવેમ્બર ૨૦૨૫ માં એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ T20 મેચમાં ભારત A વતી રમતાં યુએઈ સામે માત્ર ૪૨ બોલમાં ૧૪૪ રન ઝીકી દીધેલા. વૈભવે માત્ર ૩૨ બોલમાં સદી ફટકારી હતી. ૨૦૨૬ના ICC અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં વૈભવે ઈંગ્લેન્ડ સામે ૮૦ બોલમાં ૧૭૫ રનની સ્ફોટક ઈનિંગ રમીને સૌને હતપ્રભ કરી નાંખેલા. વૈભવે ૧૫ ચોગ્ગા અને ૧૫ છગ્ગા ફટકારીને ૧૫૦ રન તો ઉભાં ઉભાં જ કરેલા. આ ઈનિંગના કારણે ભારત વર્લ્ડ ચેમ્પિયન બનેલું.

વૈભવનો આ દેખાવ જોતાં તે સર્વકાલિન મહાન ક્રિકેટર બનવાની ક્ષમતા ધરાવે છે તેમાં મીનમેખ નથી.

■■■

વૈભવ ૮ વર્ષની ઉંમરથી કોચિંગ લે છે.

વૈભવની ક્રિકેટ કારકિર્દીમાં તેના પરિવારનું યોગદાન અને બલિદાન બંને મહત્વનાં છે. વૈભવના પિતા સંજીવ સૂર્યવંશી પોતે ક્રિકેટર બનવા માગતા હતા પણ સફળ ના થયા. સંજીવે શિપિંગ યાર્ડ કામદાર તરીકે કામ કર્યું ને પછી નાઈટક્લબમાં બાઉન્સર પણ બન્યા. સંજીવ પોતે સ્થાનિક સ્તરે ક્રિકેટ રમતાને નાનો વૈભવ તેમની સાથે જતો. પિતાને જોઈને વૈભવ બેટિંગના શરૂઆતના પાઠ શીખ્યો ને સ્થાનિક સ્તરે નાની ઉંમરે જ ચમકારા બતાવવા માંડ્યા પછી સંજીવે વૈભવને વિધિવત કોચિંગ આપવાનું નક્કી કર્યું.




બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા


વૈભવ બિહારના સમસ્તીપુરનો છે. બિહારની રાજધાની પટણાથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર આવેલા સમસ્તીપુર જિલ્લાના તાજપુર ગામમાં કોચિંગની કોઈ વ્યવસ્થા નહોતી તેથી સંજીવ સૂર્યવંશીએ પટણામાં મનિષ ઓઝાની ક્રિકેટનેક્સ્ટ એકેડમીનો સંપર્ક કર્યો. ઓઝા વૈભવની ટેલેન્ટથી પ્રભાવિત થયેલા તેથી તેમણે તેને કોચિંગ માટે હા પાડી. સંજીવ પાસે પટણામાં રહેવાની વ્યવસ્થા નહોતી ને આવકનું સાધન નહોતું તેથી તેમણે પટણામાં નાઈટ ક્લબમાં બાઉન્સર તરીકે કામ સ્વીકાર્યું. વૈભવ સમસ્તીપુરમાં જ રહેતો ને ભણતો. સંજીવ નાઈટ ક્લબની નોકરી પૂરી કરીને રાત્રે બે વાગ્યે બાઈક પર સમસ્તીપુર જતા ને વૈભવને લઈને પાછા પટણા આવતા. તેની માતા બંને માટે ખાવાનું બનાવી દેતી.

વૈભવ રોજ સવારે ૭:૩૦ વાગ્યે ટ્રેનિંગ શરૂ કરતો હતો અને સાંજ સુધી રમ્યા કરતો. એ દરમિયાન તેના પિતા પાસે જ ગમે ત્યાં સૂઈ જતા. પ્રેક્ટિસ પતે પછી એ વૈભવને પોતાની સાથે નાઈટ ક્લબ લઈ જતા ને ડ્યુટી પતાવીને તેને સમસ્તીપુર મૂકી આવતા ને પોતે આરામ કરીને સાંજે પાછા આવતા. આ પ્રકારનું શીડ્યુલ ગોઠવવું મજબૂરી હતી કેમ કે સંજીવ સૂર્યવંશીએ વૈભવ દરરોજ નહીં પણ દર બીજા દિવસે એકેડમીમાં જઈ શકતો. સળંગ ૪ વર્ષ સુધી આ રીતે વૈભવ અને તેના પરિવારે આકરી મહેનત કરી તેનું આ પરિણામ છે. વચ્ચે વૈભવના કોચિંગના ખર્ચને પહોંચી વળવા સંજીવે પોતાની ખેતીની જમીન પણ વેચવી પડી પણ હાર માન્યા વિના મચેલા રહ્યા તેથી વૈભવ સફળ થયો.

વૈભવની ઉંમર વિશે વચ્ચે વિવાદ થયા તેના કારણે પણ પરિવાર તણાવમાં આવેલો. જો કે બોન ટેસ્ટમાં વૈભવની સાચી ઉંમર પુરવાર થઈ ને બોર્ડે જ ટેસ્ટ કરેલો તેથી એ વિવાદ શમી ગયો.

■■■

સૂર્યવંશી સચિન બનશે કે કામ્બલી ?

ક્રિકેટમાં એવા ઘણા ખેલાડી આવ્યા કે જેમણે યુવા વયે બહુ અપેક્ષા જગાવી હોય પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આવ્યા ત્યારે ગાજ્યા મેઘ વરસ્યા જેવો ઘાટ થયો હોય. બહુ ઓછા ક્રિકેટરો એવા પાક્યા કે જે અપેક્ષા પ્રમાણે દેખાવ કરીને ઈતિહાસમાં અમર થઈ ગયા. ભારતમાં પુરૂષ ક્રિકેટરોમાં સચિન તેંડુલકર અને મહિલા ક્રિકેટરોમાં મિથાલી રાજ એવાં નામ છે.

માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર ૧૯૮૯માં પાકિસ્તાન સામે માત્ર ૧૬ વર્ષની ઉંમરે ભારત માટે પહેલી આંતરરાષ્ટ્રીય મેચ રમ્યો એ પહેલાં તેના નામનો જોરદાર હાઈપ ઉભો થયેલો. સચિનને પાકિસ્તાન સામેની પહેલી સીરિઝમાં ધમાકેદાર સફળતા નહોતી મળી પણ ઈમરાન ખાન, વસિમ અકરમ, વકાર યુનુસ, અબ્દુલ કાદિરના બનેલા ખતરનાક પાકિસ્તાની બોલિંગ આક્રમણ સામે સચિને જે ટેમ્પરામેન્ટ બતાવ્યો તેના પરથી જ સચિન લાંબી રેસનો ઘોડો છે એ સાબિત થઈ ગયેલું. ટેસ્ટ સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી સચિનના નામે અનેક એવા રેકોર્ડ છે કે જે કદી તૂટશે કે નહીં એ ખબર નથી.

મિતાલી રાજ ભારતની સર્વકાલીન મહાન મહિલા ક્રિકેટરોમાં એક છે. મિતાલીએ સ્થાનિક ક્રિકેટમાં મચાવેલા તહલકાના કારણે તેને માત્ર ૧૬ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ મળ્યો અને ભારતીય ટીમમાં પસંદગી થઈ. મિતાલીએ પોતાની પહેલી વન ડે ઈન્ટરનેશનલ મેચમાં સદી ફટકારીને ઈતિહાસ રચી દીધો હતો. મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર મિતાલીના નામે અનેક વર્લ્ડ રેકોર્ડ બોલે છે. લાંબા સમય સુધી ભારતની કેપ્ટન રહેલી મિતાલીએ તેની પાસેથી રખાયેલી અપેક્ષા પ્રમાણેનો દેખાવ કર્યો છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાકિસ્તાનનો વસિમ અકરમ અને ઈન્ઝમામ ઉલ હક, શ્રીલંકાનો અર્જુન રણતુંગા, અફઘાનિસ્તાનનો રાશિદ ખાન વગેરે એવા ક્રિકેટરો છે. આ ક્રિકેટરોએ બહુ નાની ઉંમરે પોતાની ટેલેન્ટનો પરચો આપી દીધેલો અને તક મળી ત્યારે ચેમ્પિયનની જેમ રમ્યા.

બીજી તરફ ઘણા ક્રિકેટરો એવા છે કે જેમની પાસેથી બહુ અપેક્ષાઓ હતી પણ એ પ્રમાણે તેમનો દેખાવ ના રહ્યો. સચિનનો સ્કૂલ ટાઈમનો સાથી વિનોદ કાંબલી તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. કાંબલી સચિન કરતાં પણ વધારે ટેલેન્ટ ધરાવે છે એવા દાવા કરાયેલા પણ શરૂઆતના ચમકારા પછી કાંબલી બુઝાઈ ગયો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં હસન રઝા તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પાકિસ્તાનના હસન રઝાએ ૧૪ વર્ષ અને ૨૨૭ દિવસની સૌથી નાની ઉંમરે ટેસ્ટ ડેબ્યુ કર્યો ત્યારે એવા દાવા કરાયેલા કે, રઝા સચિન તેંડુલકર અને ઈન્ઝમામ હકને તો ક્યાંય પાછળ છોડી દેશે પણ એવું કશું થયું નહીં, રઝા પાકિસ્તાન માટે ૭ ટેસ્ટ મેચ અને ૬૧ વન-ડે (ODI) મેચ રમી શક્યો ને પછી ફેંકાઈ ગયો.


આશા રાખીએ કે, સૂર્યવંશી સચિન બને, કામ્બલી નહીં. ■


sanjogpurti@gmail.com


# ‘માયથોસ એઆઈ’ આપણા ખિસ્સા પાછળ પડ્યું!




જમાનો ડિજિટલ થઈ ગયો છે અને તેની સાથે ચોરોની સ્ટાઈલ પણ બદલાઈ ગઈ છે. પહેલાના જમાનામાં ચોર દીવાલ કૂદીને, મોઢે કાળો રૂમાલ બાંધીને આવતા. પણ હવે એવું નથી રહ્યું. હવે તો ચોર એસી ઓફિસમાં બેસીને, સરસ મજાના લેપટોપ સામે રાખીને, ચાની ચુસ્કી લેતા લેતા ‘સાયબર હુમલા’ કરે છે! અને આ આખી સિસ્ટમમાં તડકો મારવા માટે માર્કેટમાં એક નવું રમકડું આવ્યું છે, જેનું નામ છે – ‘માયથોસ એઆઈ’ (Mythos AI). ગઈકાલે મેં છાપામાં વાંચ્યું કે આ ‘માયથોસ એઆઈ’ એટલું ખતરનાક છે કે પહેલા જે સોફ્ટવેરની ખામીઓ શોધવામાં હેકર્સને અઠવાડિયા કે મહિનાઓ લાગતા, આ ભાઈ તો થોડી જ મિનિટો કે સેકન્ડોમાં શોધી નાખે છે! મને તો એમ થયું કે આ એઆઈ ટેકનોલોજી વાળા નવરા બેઠા આપણી ઊંઘ હરામ કરવાના જ ધંધા કરે છે. વિચારો તો ખરા, જો આ માયથોસ એઆઈ આપણા રોજિંદા જીવનમાં ઘૂસી જાય તો કેવી કેવી રમૂજી પરિસ્થિતિઓ સર્જાય?




ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા



હજુ તો પુરુષો ગૂગલ અને એલેક્સાના સવાલોથી બચી શકતા નથી, ત્યાં જો પત્નીઓના હાથમાં આ સિસ્ટમ આવી ગઈ તો સમજો આખી પુરુષ જાત ખતરામાં છે! જો પતિરાજ ઘરે આવીને એમ કહે કે, ‘અરે ભાગ્યવાન, આજે તો ઓફિસમાં એટલું કામ હતું ને કે બોસની મીટિંગમાંથી નવરો જ નથી થયો. ફોન જોવાનો પણ ટાઈમ નહોતો મળ્યો.’ તો પત્નીની માયથોસ એઆઈ તરત જ પોલ ખોલી દેશે કે, ‘ખોટી વાત! મિનિટોની અંદર થયેલા ડેટા એનાલિસિસ મુજબ, પતિદેવે બપોરે ૨ વાગ્યે ૩૦ મિનિટ સુધી ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોઈ છે, ૨:૪૫ વાગ્યે મિત્ર સાથે ચા પીધી છે અને બોસ તો આજે રજા પર છે! બોલો, હવે કયો પાસવર્ડ ક્રેક કરવો છે?’ આવા સમયે પતિરાજ મનોમન વિચારશે કે આના કરતાં તો પેલો કાળો રૂમાલ બાંધેલો ચોર સારો, જે ફક્ત પાકીટ લઈને જતો રહેતો, આ તો આખી આબરૂનું ધોવાણ કરી નાખે છે!

બીજી તરફ, આપણે ભારતીયો પાસવર્ડ રાખવામાં એટલા ક્રિએટિવ છીએ કે આપણો પાસવર્ડ કાં તો આપણા કુતરાનું નામ હોય, કાં તો આપણી ગાડીનો નંબર અથવા આપણી જન્મતારીખ! ઘણા મહાનુભાવો તો વળી પાસવર્ડમાં Passwrod@123 અથવા Admin રાખીને એવું ગર્વ અનુભવે જાણે સ્વિસ બેંકનું લોકર બંધ કર્યું હોય! હવે આવી પરિસ્થિતિમાં પેલું હાઈટેક ‘માયથોસ એઆઈ’ આવે એટલે એ પાસવર્ડ જોઈને બે મિનિટ ચકરાવે ચડી જાય. એઆઈ પોતાનું માથું ખંજવાળતા વિચારશે કે આ દેશના લોકો આટલા સસ્તા પાસવર્ડ રાખીને ૨૦ કરોડની સાયબર સિક્યોરિટી વાળા સોફ્ટવેરને પડકાર ફેંકે છે? આ તો મારું અપમાન છે! માયથોસ એઆઈ મિનિટોમાં પાસવર્ડ ક્રેક કરીને બેંક ખાતું ચેક કરે તો ખબર પડે કે અંદર માત્ર ૨૫૦ રૂપિયા જ પડ્યા છે, જેમાંથી મિનિમમ બેલેન્સના ૧૫૦ રૂપિયા તો બેંકે કાપી લીધા છે! એઆઈ પોતે ડિપ્રેશનમાં આવી જાય કે, ‘બોસ, આના કરતાં તો હું ડેવલપ ન થયો હોત તો સારું હતું!’


જોકે ગમે તેટલું મોટું એઆઈ કેમ ન આવી જાય, પણ આપણા દેશી જુગાડ સામે બધા સોફ્ટવેર નકામા છે. એક ભાઈને કોઈકે કહ્યું કે, ‘તમારા ફોનમાં માયથોસ એઆઈ ઘૂસી જશે તો બેંકના ઓટીપી (OTP) ચોરી લેશે.’ પેલા ભાઈએ હસીને જવાબ આપ્યો, ‘ભલે આવે! મેં મારા ફોનમાં બેંકની એપ્લિકેશન જ નથી રાખી. જ્યારે પણ પૈસા ટ્રાન્સફર કરવા હોય ત્યારે હું બેંકની બ્રાન્ચે જઈને લાઈનમાં ઉભો રહું છું. હવે પેલા માયથોસ એઆઈ ને કહો કે લાઈનમાં આવીને ઉભો રહે, જો અડધા કલાકમાં એનું પ્રોસેસર ગરમ થઈને બળી ન જાય તો મારું નામ બદલી નાખજો!’ અંતે એટલું જ કહેવાનું કે ટેકનોલોજી ભલે ગમે તેટલા કુદકા મારે, પણ જ્યાં સુધી આપણે અજાણી લિંક પર ક્લિક કરવાનું અને લલચામણી ઓફરોમાં ફસાવાનું બંધ નહીં કરીએ, ત્યાં સુધી એઆઈ આપણી મજાક ઉડાવતું જ રહેશે. સાયબર સુરક્ષા ગમે તેટલી મજબૂત હોય, પણ આપણું કોમન સેન્સ જ સૌથી મોટું શસ્ત્ર છે, બાકી તો માયથોસ એઆઈ પણ આપણું ખાતું જોઈને કહેશે કે, ‘ભગવાનના નામે કંઈક આપતા જાવ, આ ખાતામાં તો ખુદ ભગવાન સિવાય કાંઈ નથી!’


■ naranbaraiya277@gmail.com


# કોઇપણ પરિસ્થિતિનો નિર્ભય રીતે સામનો કરીએ..



માનવ જીવન વ્યાધિ, ઉપાધિ અને આફતોથી ગૂંથાયેલું છે. આફતમાંથી અવસર શોધવો તે મનુષ્યનો નૈતિક ધર્મ છે. સમાજની વ્યવસ્થાને ફોલો કરવા માટે ડગલે અને પગલે કાળજી રાખીને ચાલવું પડતું હોય છે. આજના સોશિયલ અને ભૌતિકવાદમાં માનવતાવાદ મૃતપ્રાય અવસ્થામાં છે. પરિવારના લોકો જ શંકા અને સંદેહથી જોતા હોય છે. ગમે તેટલા મહાદેવ મંદિર, ચર્ચ કે કબ્રસ્તાન જશો પરંતુ જ્યાં સુધી પારિવારિક ભાવના અંતરમાં વ્યાપસે નહીં ત્યાં સુધી બધું નિરર્થક છે. આજે ઘરમાં જ ભારત પાકિસ્તાનની જેમ રહેતા પરિવારો અનેક છે. અબોલા ઢોરની જેમ રહેતા લોકો માત્ર જીવે છે. માનવતા મરી પડવાની છે. શાંતિની શોધમાં માણસો પોતાનો દેહત્યાગ કરે છે. કંટાળો જ્યારે કાંટાળો બની જાય છે ત્યારે હૃદયની ધમનીમાં ખૂંચ્યા કરે છે. માત્ર પેટ ભરવું ઘરમાં રહેવું અને જીવન જીવવું એ માત્ર મૃત્યુ સૈયા તરફ જવાનો માર્ગ છે.સાસુ અને વહુના કલેહમાં પતિની વ્યથાએ માત્ર કથા બની જાય છે. આખો દિવસ કંટાળીને આવેલો પતિ પરમ શાંતિ માટે ઘરે આવે છે ત્યારે ત્યાં જ અશાંતિનું વાતાવરણ અને ભાવાવરણ હોય ત્યારે તે કઈ રીતે જીવી શકે.દરેક ઘરમાં મંથરા અને કૈકેયી જીવે છે. સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન છે. એટલે હું રોજ લખું છું કે હાયર એજ્યુકેશન આપવાની જગ્યાએ ઘરમાં કઈ રીતે પારિવારિક શાંતિ લાવવા માટે સાસુ, સસરા અને સંબંધીઓને સાચવી શકે તે જ સાચી લક્ષ્મી.




સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)


આવી આફતો વચ્ચે અવસર નિર્માણ કરવો ખૂબ અઘરો છે. ગઈકાલે રામાયણના કેટલાક એપિસોડ પુનઃ જોયા જેમાં માતા જાનકી અને ભગવાન રામચંદ્રએ સમાજની વ્યવસ્થાને જીવંત રાખવા માટે કેટલાય પડકારોને ઝીલવા પડયા અને તેનું સુખદ સમાધાન સમાજને બતાવ્યુ. દુઃખ અને સોનુ અગ્નિમાં તપે ત્યારે જ ઘરેણું બને છે. દુખ આવે ત્યારે ડરવું નહીં અને સુખ આવે ત્યારે છગવું નહીં.

રાજા રાવણનું અભિમાન પણ ટકયુ નહીં તો આપણે તો સામાન્ય માણસ છીએ. અહમના ઉંબરે ઊભેલી સ્ત્રી કેટલી રૂપાળી લાગતી હશે? શાસ્ત્રો અને શસ્ત્રો વચ્ચે તફાવત સમજવો હોય તો માનવતાવાદ કેન્દ્રસ્થાને રાખવો પડશે. મૃત્યુ થયા પછી ગમે તેટલી સામાજિક વ્યવસ્થા જાળવીએ પરંતુ જીવતા હોય ત્યારે તેમની સેવા કરવી તે જ ચારધામની યાત્રા સમાન છે. ડો. ઉષાબેન ભટ્ટ હંમેશા એવું કહેતા હતા કે સમજણમાં સુખ હોય છે. પતિ પત્નીના અહમ વાળા સ્વભાવના કારણે તેની અસર બાળકો પર પડે છે. ત્યાગ કરવાની અને સહન કરવાની સહનશીલતા ન હોવાના કારણે અનેક પ્રશ્નો ઉભા થાય છે. સમાજમાં સાસુઓનો પણ દોષ હોય છે. બંને પક્ષે તકલીફ હોવાથી પુરુષની શું હાલત થતી હશે તે આજના સમાજે વિચારવાની જરૂર છે? ઘરડા લોકો ખાનદાન જોતા હતા તેનું મૂળ કારણ આજ હતું. ખાનદાની ખોરડામાં હોય છે. મનુષ્ય દેહ મળ્યો છે એટલે આપત્તિઓ ડગલે અને પગલે આવવાની જ છે. એવા સમયે સ્થીતપ્રજ્ઞ રહીને આપત્તિઓને મહાદેવએ જેમ કંઠે વિષ ધર્યુ તેમ સહન કરવી પડશે.

કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુન સામે ગુરૂ પરિવાર અને ભાઈઓ હતા તે સમયે ભગવાન કૃષ્ણએ તેને કર્મ કરો આ યુધ્ધ ભૂમિ છે. સામે રહેલા યોધ્ધાઓ દુશ્મન છે તેની સામે લાગણીઓના સંબંધો ક્યારે પણ કામ લાગશે નહીં એટલે કર્મ કરતા જાવ ફળની આશા રાખશો નહીં જે થવાનું છે તે નિશ્ચિત છે એટલે ગમે તેવી પરિસ્થિતિ આવે તેનો સામનો કરવો જ રહ્યો? પરિસ્થિતિથી વામણા બનીશું તો સમાજ જીવવા દેશે નહીં. પરિસ્થિતિનો પ્રતિકાર કરવો તે જ કર્મ છે. આજીવન નાશવંત છે કોના માટે જીવવું અને કોના માટે મરવું તે નિર્ણય પ્રભુએ કરવાનો છે. કરેલા કર્મોની સજા મારે અથવા દુનિયાએ ભોગવવાની જ છે એટલે જે જીવન મળ્યું છે તેને નિજાનંદ સમજીને જીવવું જ રહ્યું. જે થવાનું છે તેને કોઈ રોકી શકવાનું નથી એટલે પ્રભુની ઈચ્છા જ સર્વોપરી હશે. આફ્રિકાના રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલા વર્ષો સુધી જેલમાં રહ્યા ત્યાં તેમને શાંતિ લાગતી હતી પરંતુ ઘરમાં રહેવું અને અશાંતિ અનુભવી તેના કરતા જેલ સારી તેવી અનન્ય અનુભૂતિ કરનારા અસંખ્ય લોકો છે.

દુઃખ, દર્દ અને વેદના અતિશય બની જાય ત્યારે માણસ જીવતી લાશ બની જાય છે. ક્યારેક બ્રેન સ્ટોક,એટેક ઈશ્વર આ સ્વરૂપે મોકલે છે અને ઉપર તેડાવી લે છે, હોય ત્યાં સુધી શાંતિ આપે નહિ અને પછી બંગડીઓ ફોડવાનો કોઈ અર્થ ખરો? સમાજની આ વરવી વાસ્તવિકતા છે એટલે મારા વાચક વર્ગને વિનંતી કે આફત આવે તો ડરવું નહીં તેનો મક્કમ મને સામનો કરવો રહ્યો.... ■


Mo.9825702282

# પૌષ્ટિક ફળો અને તેની અંદર રહેલા વિટામિન વિષે જાણો



પૌષ્ટિક ફળો આપણા શરીરને જરૂરી વિટામિન, ખનિજ તત્ત્વો, ફાઈબર અને એન્ટીઑક્સિડન્ટ્સ પૂરા પાડે છે. વિવિધ ફળોમાં અલગ-અલગ પોષક તત્ત્વો હોય છે, જે શરીરના વિકાસ અને સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

| પૌષ્ટિક ફળો અને તેમાં રહેલા મુખ્ય વિટામિન | | |
|---|---|---|
| ફળ | મુખ્ય વિટામિન | લાભ |
| કેરી | વિટામિન A, C, E | આંખો, ત્વચા અને રોગપ્રતિકારક શક્તિ માટે લાભદાયક |
| નારંગી | વિટામિન C | રોગપ્રતિકારક શક્તિ વધારે, ચામડી સ્વસ્થ રાખે |
| લીંબુ | વિટામિન C | પાચન સુધારે, ચેપ સામે રક્ષણ આપે |
| પપૈયું | વિટામિન A, C, ફોલેટ | પાચન અને આંખોના સ્વાસ્થ્ય માટે સારું |
| જામફળ | વિટામિન C, A | રોગપ્રતિકારક શક્તિ અને ત્વચા માટે ઉત્તમ |
| કેળું | વિટામિન B6, C | ઊર્જા આપે, હૃદય અને સ્નાયુઓ માટે સારું |
| સફરજન | વિટામિન C, ફાઈબર | પાચન સુધારે, હૃદયને સ્વસ્થ રાખે |
| દ્રાક્ષ | વિટામિન C, K | રક્ત પરિભ્રમણ અને હાડકાં માટે ઉપયોગી |
| દાડમ | વિટામિન C, K | લોહીની ગુણવત્તા સુધારે, હૃદય માટે લાભદાયક |
| તરબૂચ | વિટામિન A, C | શરીરને હાઈડ્રેટ રાખે, ત્વચા માટે સારું |

ફળોમાં રહેલા મહત્વના વિટામિન અને તેમના કાર્યઃ

● વિટામિન A: આંખોની દ્રષ્ટિ, ત્વચા અને રોગપ્રતિકારક શક્તિ માટે જરૂરી.

● વિટામિન B6: મગજના વિકાસ અને ચયાપચય (Metabolism) માટે મહત્વપૂર્ણ.

● વિટામિન C: ચેપ સામે રક્ષણ આપે, ઘા ઝડપથી ભરવામાં મદદ કરે.

● વિટામિન E: કોષોને નુકસાનથી બચાવે, ત્વચાને સ્વસ્થ રાખે.

● વિટામિન K: લોહી ગંઠાવવાની પ્રક્રિયા અને હાડકાંના સ્વાસ્થ્ય માટે જરૂરી.

● ફોલેટ (Vitamin B9): નવા કોષોના નિર્માણ અને ગર્ભાવસ્થા દરમિયાન ખૂબ મહત્વપૂર્ણ.

દૈનિક આહારમાં ફળોનું મહત્વઃ

● દરરોજ ૨—૩ પ્રકારના તાજા ફળો ખાવા જોઈએ.

● મોસમી ફળો વધુ પૌષ્ટિક અને તાજા હોય છે.

● ફળોનો રસ પીવા કરતાં આખું ફળ ખાવું વધુ લાભદાયક છે કારણ કે તેમાં ફાઈબર વધુ હોય છે.

● બાળકો, ગર્ભવતી સ્ત્રીઓ અને વૃધ્ધો માટે ફળોનું નિયમિત સેવન ખૂબ જરૂરી છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

પૌષ્ટિક ફળોનું નિયમિત સેવન શરીરના સર્વાંગી વિકાસ, રોગપ્રતિકારક શક્તિ અને લાંબા ગાળાના સારા સ્વાસ્થ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

(ક્રમશઃ)

hemangidmehta@gmail.com

# અમથાલાલ.. અમથાલાલ..! હવે હું આવું બધું જોઈ -જોઈને થાકી ગયો



'અમથાલાલ.. અમથાલાલ..! હવે હું આવું બધું જોઈ - જોઈને થાકી ગયો છું. હવે વધારે જોવાની મારાંમાં તેવડ નથી.'

બેરાલાલે આવતાં વેંત જ બળાપો ઠાલવ્યો.

"કેમ? કેમ? એવડું બધું તો હું જોઈ ગયાં છો? અને હવે વધારે કેમ નથી જોવું? માણસે જીવશે ત્યાં સુધી જોયાં જ કરવાનું છે. અને તમે હામેથી ના પાડો છો!? જોવાં માટે તો જિંદગી છે. જોયાં વગર હાલવાનું નથી. બોલો, શું કરશો??"

"અરે પણ હાવ આમ હોય!? જરાક તો શરમ જેવી જાત હોય કે નહીં?"

"શરમ બરમ હંધીય સિમાડે મૂકી દીધી છે. શરમ વગરનાં થાવ તો જ તમારું કોઇ હાંભળે છે. પણ, તમે એવું તે હું જોઈ ગયાં? કે તમને આવડો મોટો ધક્કો વાગ્યો!?"

"તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ગઈ. હવે નોટું છાપવાનાં કારીગરો ગોઠવવાના થયાં. ડખો ન્યા થયો કે સહી કોણ કરશે? ગાડી કોને મળશે? "

"હવે ઈ તો આપણે જ મત આપ્યાં છે. તો ગાડીમાં તો ફરશે જ ને!!"

"હા પણ..! મતની આમ જાહેરમાં ફજેતી કરાય!?"

"થયું શું? એ તો કહો.!"

"તમારી થાળીનો લાડવો તો તમારે ખાવો જ છે. પણ, બીજાંની થાળીનો લાડવો'ય તમારે ઝાપટી જાવો છે? અને ઈય બળ જબરી કરીને!??"



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"હવે આમાં લાડવો ક્યાં આવ્યો? આમાં તો ખુરશી જ આવે."

"તમને જનતાએ ખુરશી આપી છે. એ તમે ભોગવો. સામે વાળાને મળી છે, એ ઈ ભોગવશે! પણ તમે એનાં પાયા તો ના તોડો..!! અને હાવ શરમ વગરની વાત તો ઈ છે, કે આઠ દિવસ પહેલાં જે તમને દુશ્મન લાગતાં હતાં. એને પગે પડીને તમે પ્રમુખ બનાવો છો!?? હવે તો શરમેય ગળા ફાંસો ખાઈ લેહે. શરમને તો શરમના ચોકઠામાં રહેવાં દો."

"જો બેરાલાલ!"

બનેવીલાલ ક્યારનાં હાંભળતા'તા.

"રાજકારણ અને રાજકારણીને એક જ મુદ્દાનો કાર્યક્રમ હોય છે. ખુરશી.. ખુરશી..અને ખુરશી!!

પૈસા આપો, ધાક- ધમકી આપો,લોભ -લાલચ આપો,ન માને તો છેવટે ખુરશી'ય આપો!! પણ ? એને આપણો બનાવો. જરુર પડે તો આંદોલન કરાવો, તોફાન કરાવો , સરકારી મિલકતોને નુકસાન પહોંચાડો. પણ, પરિણામ લાવો"

"ના..ના..ના..! બનેવીલાલ! હાવ આવું હોય?"

"આપણને ખબર નથી. પણ મોબાઈલનું રેકોર્ડિંગ બોલે છે. જેવો કરોડો રૂપિયાથી જોખાણાં છે. ઈ બોલે છે. આપણું તો

ન્યા લગણ પોગવાનું'ય ગજૂ નથી. પૈસા તો દૂરની વાત છે."

"પણ ; મને એક વાત નો હમજાણી!? આ હંધાયને પૈસા ભેગાં કરીને જાવું છે ક્યાં?"

"મોજ મજા કરવાં!! દેખાડો કરવાં !!"

"હા પણ, હવે દુનિયા ખતમ થવાની છે. પછી પૈસાનું આવશે શું?? કરન્સી કાગળિયાં બની જવાનાં છે."

"કોણે કહ્યું કે, દુનિયા ખતમ થવાની છે?"

"અરે..! આવી રંગ બે રંગી દુનિયામાં એક માણસ છે. અને એની વાત માનવા વાળા'ય હજારો માણસો છે. જેમણે હંધૂય છોડી દીધું છે."

"તમે કોની વાત કરો છો? ભારતમાં તો આવું કોઈ નથી. અને ભારત એમ માને એમે'ય નથી."

"એમ તો અમેરિકા કે ઈરાને'ય ક્યાં માને છે? પાકિસ્તાને ખાતર ઉપર ધૂપ ધુવાંડા કર્યા. પણ, પરીણામ શૂન્ય. પણ, ઉપરનો ફોટો જોયો?"

"હા, જોયો! લાગે છે, કોક ભીખારી છે."

"એ ભીખારી નથી. હજારો હજારો માણસોને ભીખારી કરી દીધાં છે."

"હું કાંઈ હમજયો નહીં!!"

"કળિયુગના અવતારોમાં એક વધું અવતાર જોડાઈ ગયો છે. આ ભાઈ 'ઈ લોહ નૂહ' પોતાની જાતને અવતાર મસીહા તરીકે ઓળખાવે છે."

"હા પણ, અવતારના કપડાં સાવ આવાં??"

"ત્યાગ ત્યાગ, એમની ફિલોસોફી છે કે દુનિયાનો અમૂક તારીખે પ્રલય થવાનો છે. જેવો હંધૂય વેચીને, ઘરબાર છોડીને મારાં ચરણે આવશે. ફકત ઈ જ બચી શકશે.

પ્રલયમાં માત્ર મારો આશ્રમ જ ટકી જશે. બાકી બધું જ પ્રલયમાં નાશ પામશે. મારાં શરણે ધરેલું ધન હું તમને નવી જિંદગી સાથે પરત આપીશ."

"તો..ઓ..લોકોએ શું કર્યું? એમની વાત માની?"

"હા..આ.!! માની શું નોકરી -બોકરી, ઘર -બાર, હંધૂય વેચીને હજારો લોકો એમનાં શરણમાં પહોંચી ગયાં. અને એ હંધાયને લઈને એ ચાલ્યો જંગલમાં. કહે સ્વર્ગની સીડી અહીંથી નજીકમાં જ છે."

"પછી? એ હંધાય સ્વર્ગમાં ગયાં?? આપણાં રાજકારણીઓ આની હારે જાય એવાં લાગે છે તમને?"

"ના..આ..!! સ્વર્ગમાં તો ના ગયાં, પણ પોલીસ સ્ટેશનમાં ગયાં. આપેલી તારીખ નજીક આવી. પ્રલય બ્રલય તો ના થયો. પણ પોલીસ આવી પુગી.

જે 'ઈલોહ નૂહ' હંધાયને બચાવવાની વાત કરતો હતો . પ્રલયથી બચાવવાની વાત કરતો હતો.એ જ ઢોંગી માણસ પોલીસને કરગરતો હતો. મને બચાવી લો. ■

kalubhaibhad123@gmail.com

# ૨૦ વાત... જે જીંદગી બદલી નાખશે



જીવન સાથે જોડાયેલી એવી કંઈ કેટલીય નાની-નાની વાતો હોય છે, જે જીવન પ્રત્યે એક નવો જ દ્રષ્ટિકોણ દર્શાવે છે. આપણી રોજબરોજની જીંદગીમાં એવી કેટલીક વાતોથી આપણે આકુળ-વ્યાકુળ બનીને નાસીપાસ થતાં રહીએ છીએ. ક્યારેક એના કારણે જીંદગીમાં સુખદ બદલાવ પણ આવે છે, કારણકે જીંદગીમાં સુખદ બદલાવ પણ આવે છે. આપણા આ દિશાદર્શન દ્વારા એવી વાતો-બાબતો ને સમજવાની કોશિષ કરીએ...

(૧) જીવનમાં નાની-નાની વાતોને નજરઅંદાજ કરતાં શીખો. કેટલીકવાર એવી વાતોને અક્સર કરવાથી આપણે બીજાની સાથે સાથે આપણું મન-મગજ પણ બગાડીએ છીએ.

(૨) પતિદેવનું લંચબોક્સ તો તમે હંમેશા તૈયાર કરો ને તેમની બેગમાં મૂકો છો, પણ ક્યારેક લંચબોક્સની સાથે મૂકો એક નાનો પ્યારભર્યો પત્ર. પછી જુઓ, સાંજે પરત આવે ત્યારે તેમના ચહેરાની ચમક અને મંદ-મંદ સ્મિત, વાત જ કંઈ ઓર બનશે.

(૩) ખોટાં વાયદાથી બચો. જો કોઈ યુવક આપને વારંવાર બહાનાં બતાવી રહ્યો હોય કે આમ થશે તો લગ્ન કરી શકીશ, પેલું કામ પતે એટલે લગ્ન કરી શકીશ, તો એવા બહાનાબાજથી બચો. કેટલીકવાર આવા ખોટાં વચનોથી ઉંમરનો સોનેરી દોર જતો રહે છે અને અંતે ખબર પડે છે કે આપની સાથે દગો થયો છે. પછી નથી કોઈ તમન્ના રહેતી કે ન હોઈ ઉમંગ, એટલા માટે આવા માણસોથી બચો.

(૪) જ્યારે ઘરમાં કોઈ સેલિબ્રેશન હોય, તો તેવા ફંક્શનમાં ક્લિક કરાયેલી સીટોમાંથી ખાસ-ખાસ મહેમાનોની ચુનંદી તસવીરો સિલેક્ટ કરી ને તેમને મોકલો. પછી જુઓ, સંબંધોમાં કેવી મીઠાશ ફેલાય છે.

(૫) જો કોઈ વ્યક્તિ પર બેહદ ગુસ્સો આવી રહ્યો હોય, તો તમારી બધી ભડાસ એક પત્રમાં લખી લો અને પછી જ્યારે એવું લાગે કે હવે મન-મગજ શાંત થઈ ગયું છે, તો પત્રને ફાડીને ફેંકી દો.

(૬) જ્યારે તમારાથી કોઈ ભૂલ થઈ જાય, તો તેને સુધારવાની કોશિષ તરત કરો. કોઈની પાસે માફી માંગવાની હોય, તો તેની આંખોમાં જોઈને માફી માંગો.

(૭) આમતો કોઈપણ વ્યક્તિને પોતાની ખામીઓ વિશે સાંભળવું ગમતું હોતું નથી, પણ જો તમે તમારી સાંભળવાની શક્તિ દ્વારા આપનામાં જરૂરી બદલાવ લાવવાની આશા રાખતા હોય તો તેમને સમય આપો અને તેમને વહારે તમારી ખામીઓ પણ આપો અને તમે શાંતિથી સાંભળી-સમજી તમારામાં જરૂરી બદલાવ લાવો.

(૮) વખાણ કરવા અને પ્રોત્સાહન આપવું એ બંને એવાં તત્ત્વ છે, જેના દ્વારા તમે ઈચ્છો તો દરેકના પ્યારા બની શકો છો. જ્યારે તમે કોઈની પ્રશંસા કરો છો, ત્યારે મનમાંથી કેટલાય પૂર્વગ્રહ ખતમ થઈ જાય છે અને શરીરમાં એવા રસાયણોનો પ્રવાહ વહી જાય છે, જે આપને ખુશ રાખવામાં જવાબદાર હોય છે.

(૯) જો આપના કોઈ સ્નેહી કે ભાઈબંધ નિરાશ-હતાશ હોય કે ડિપ્રેશનમાં હોય, તો તેને રાઈટીંગ પેડ કે ડાયરી ગિફ્ટમાં આપો, જેના દરેક પેજ પર સારા-પોઝિટિવ કોટેશન્સ કે પછી પ્રેરક અને સકારાત્મક વાત-વિધાન લખ્યું હોય. વડીલો સાથે હંમેશા માન-આદરથી વાત કરો. તેઓ શું જોવા ઈચ્છી રહ્યા છે, પહેલાં તેમની વાત સાંભળો, પછી તમારી વાત તેમની સમક્ષ મૂકો.

(૧૦) વડીલો સાથે હંમેશા માન-આદરથી વાત કરો. તેઓ શું જોવા ઈચ્છી રહ્યા છે, પહેલાં તેમને સાંભળો, પછી તમારી વાત તેમની સમક્ષ મૂકો.

(૧૧) બાળકના મુખે ખુશ કરવા માટે ક્યારેક-કોઈક દિવસ, ઘરના એવા ખૂણામાં જ્યાં આપના દીકરા-દીકરીની નજર પડતી હોય ત્યાં એક પ્યારભરી ચીઠ્ઠી મૂકી દો, જેમાં પર લખેલી કોઈ પ્યારભરી કે મનની વાત અને સાથે રાખેલી હોય તેમની ફેવરિટ ચોકલેટ...


(૧૨) જો આપનો કોઈ ફ્રેન્ડ, સંબંધિ કે પાડોશી બીમાર હોય, તો સમય કાઢીને તેમની તબિયત પૂછવા-જોવા અવશ્ય જાવ. જો શક્ય હોય તો તેમની પસંદગીની કોઈ વાનગી ઘરેથી બનાવીને લઈ જાવ.

(૧૩) ઘરે આવેલા મહેમાનોનું સ્વાગત ખૂબ જ ઉષ્માપૂર્વક કરો અને તેમને પૂરતો સમય આપો. તેમની વાતોને પ્રેમપૂર્વક સાંભળો, તેમની પરેશાનીઓને પણ ધ્યાનમાં રાખી, નિવારણ કરો. જેથી ફરીવારની આપની મુલાકાતમાં તેમને એનો વિષય પર પૂછી ખબર-અંતર લઈ શકાય.

(૧૪) જીંદગીમાં મળેલી અસફળતાઓને એમ જ ભૂલી ન જાવ, એના કારણો શોધીને ભવિષ્યમાં બીજીવાર એજ ભૂલો ન થાય એ ધ્યાન રાખો. ધ્યાન રાખો - મોટી-મોટી હસ્તીઓ ઠોકરોમાંથી જ ઘડાઈને આગળ આવી છે.

(૧૫) જો આપનો કોઈ સગા સંબંધી કે મિત્ર કોઈ બુરી આદતના શિકાર બની રહ્યા હોય, ને તેમને સમજાવવામાં આપને બીક લાગતી હોય તો તમે કોઈ ત્રીજી નિકટની વ્યક્તિની સહાયતા લઈને તેમની મદદ કરી તેને બચાવી શકો છો.

(૧૬) કોઈપણ સંબંધને મજબૂત અને ગરિમાપૂર્ણ બનાવવા માટે કાપકૂપ રાખવાને બદલે સકારાત્મક વાતચીત થવી બેહદ જરૂરી છે; એટલે, હંમેશા આપના નજીકની વ્યક્તિઓ સાથે વાતચીતનો દોર જાળવી રાખો.



જીવન તરંગ
જયસ્વી પટેલ

(૧૭) નવી વિચારધારાઓને અપનાવતાં રહો, જીંદગીમાં પરિવર્તન જરૂરી છે. કોઈપણ કઠિન પરિસ્થિતિનું નિવારણ આપણે ત્યારે જ શોધી શકીશું, જ્યારે આપણે આપણી વિચારધારામાં બદલાવ લાવીશું. હેલ્ધી લાઈફ જીવવાનો મતલબ એ છે કે આપણે આપણી જૂની વિચારધારા અને કામ કરવાની શૈલીમાં બદલાવ લાવતા રહીએ.

(૧૮) મેડિટેશન અવશ્ય કરો. એમાં યોગની સાથે સંગીત કે યોગની સાથે શાંતિ દ્વારા સુખદ બદલાવ મહેસૂસ કરશો.

(૧૯) ક્યારેક પરેશાનીઓને કારણે કોશમાં કંઈક ખોટું કરી પણ દો, તો પછી એના માટે પોતાની ભૂલને સ્વીકારીને અફસોસ અવશ્ય કરો. ક્યારેય તમારા આત્મવિશ્વાસ ને ડગમગવા ન દો, કેમકે ભરપૂર આત્મવિશ્વાસ વ્યક્તિને દરેક પરેશાનીઓથી બચાવી લે છે.

(૨૦) ઓર્ડર કરીને કામ કરવાને બદલે જો આપણે સૌમ્ય વ્યવહાર દ્વારા કોઈની પાસેથી સહયોગ મેળવીશું, તો અન્ય પણ તમને મદદ કરવા તૈયાર થશે. સારો અને સંતુલિત વ્યવહાર કુશળતા પરસ્પરના સંબંધો ને મધુર બનાવે છે ને સાથેસાથે મજબૂત પણ..!તો ચાલો.. ઉપરોક્ત વાતોનો અમલ કરવાનું ચાલુ કરી દો ને બદલી નાંખો આપની life અર્થાત જીંદગી અર્થાત જીવન..!I love જીંદગી..!Best of luck..! ■

sanjogpurti@gmail.com

# કાળિયું થયું ગાયબ !



કાલુ નામે એક ગલૂડિયું હતું. એ નાનું-નાનું, ધોળું-ધોળું અને મસ્ત મજાનું હતું. કાલુ આખો દિવસ ગામની શેરીઓમાં 'ટબુક ટબુક' દોડ્યા કરે. પટપટ પૂંછડી હલાવતું જાય ને દોડતું જાય!

એક વખત ધોમધખતા બપોરના તડકામાં એ ફરવા નીકળ્યું. સૂરજદાદા આકાશમાં રહીને ગોળ-ગોળ આંખો કાઢતા હતા. કાલુ જીભ બહાર કાઢીને - 'લપ લપ લપપ' કરતો ખરા બપોરે ચાલતો જતો હતો. ત્યાં જ એની નજર જમીન પર પડી.

"બાપ રે બાપ! આ શું?" - કાલુની આંખો તો ફાટી જ ગઈ! એની આંખો જમીન પર ચોંટી જ ગઈ. એણે જોયું કે જમીન પર એક નાનું, કાળું-મેશ અને એકદમ પાપડ જેવું ચપટું કૂતરું હતું! એ અદલ એના જેવું જ હતું! કાલુ જેમ ચાલે, એમ પેલું કાળું કૂતરું પણ એની સાથે ને સાથે જ ચાલે - 'ધબપ ધબપ ધબ..!' કાલુ ચાલે તો એ પણ ચાલે, ને કાલુ ઊભું રહે તો એ પણ ઊભું રહે!

કાલુ થોડો આગળ જઈ સહેજ ઊભો રહ્યો તો પેલું કાળિયું પણ ઊભું રહ્યું. તે એની સામે જોઈને તાડુક્યો, "ભૌં... ભૌં... ભૌં! તું કોણ છે? ચાલ, ભાગ અહીંથી!" પણ પેલું પાપડ જેવું કૂતરું તો કાંઈ બોલ્યું જ નહીં, બસ મૂંગું-મૂંગું મોં ફાડીને ઊભું રહ્યું.

કાલુને થયું, 'લાવ એને ચિડાવું!' કાલુએ પોતાની જીભ બહાર કાઢીને ચિડાવ્યો - 'લપલપલપ!' સામે પેલા કળિયાએ પણ જીભ કાઢી! કાલુએ પોતાનું નાક ફુલાવીને મોટું કર્યું, તો પેલાએ પણ નાક ફૂલાવ્યું! કાલુએ ગુસ્સામાં આવીને પોતાનો પાછળનો પગ ઊંચો કરીને કાન ખંજવાળ્યા. પેલા કાળા વહેંતિયાએ પણ પગ ઊંચો કરીને કાન ખંજવાળ્યા!

"હત્ત તેરીની! આ તો મારો પાક્કો નકલખોર છે!" કાલુ હવે ખીજાયો. એણે નક્કી કર્યું કે આજે તો આ કાળા કૂતરાને બરાબરનો હંફાવવો છે.

કાલુએ દોટ મૂકી - 'સૂઉઉઉઉપ સરરરર..!' એ તો દોડ્યો! બહુ જ દોડ્યો! એની પાછળ પાછળ પેલું કાળું કૂતરું પણ એટલી જ ઝડપે દોડ્યું. કાલુ થાકીને લોથપોથ થઈ ગયો. પણ પેલું કાળિયું એનો પીછો છોડતું નહોતું.

કાળું જ્યાં જાય ત્યાં પેલું કાળિયું પાછળ ને પાછળ આવે! કાલુ જેવું કરે તેવું એ કરે. કાલુને કાંઈ સમજાયું નહીં. કાલુએ વિચાર્યું, 'લાગે છે આ તો પાક્કો જાદુગર છે!'

ત્યાં જ આકાશમાં એક મોટું, કાળું-ડિબાંગ વાદળું દોડતું દોડતું આવ્યું અને સૂરજદાદાની આગળ આડું આવી ગયું. તડકો ગાયબ અને બધે જ છાંયડો થઈ ગયો. જેવો છાંયડો થયો એવો તરત ચમત્કાર થયો! પેલું કાળિયું ચપટું કૂતરું છૂમંતર થઈ ગયું! કાલુએ આજુ-બાજુ, ઉપર-નીચે, ઝાડની પાછળ, પથ્થરની નીચે બધે જ જોયું, પણ કાળિયું ક્યાંય જોવા મળે નહીં! કાળિયું અચાનક ગાયબ થઈ ગયું.

થોડીવાર માટે કાલુ ગભરાઈ ગયો. એ મનોમન બોલ્યો, "ઓ બાપ રે! પેલું કાળું મને એકલો મૂકીને ક્યાંક છુપાઈ ગયું! હવે જો એ પાછળથી આવીને મારી ટૂંકી પૂંછડી ખેંચશે તો?" એમ વિચારી એણે પોતાની પૂંછડી બે પગની વચ્ચે દબાવી દીધી! એટલામાં પવન ફૂંકાયો - 'સરરરપ સરરરપ' પેલું વાદળ પણ પવનની પાછળ પાછળ દોડ્યું. સૂરજદાદા પાછા હસ્યા અને તડકો ચમક્યો.



રે વાર્તા!
મનીષ સુથાર

'તડકો પડતાં જ પેલું કાળિયું ફરી પ્રગટ થયુંપ ઝૂઉઉપપપ!' પેલું કાળું કૂતરું ફરીથી કાલુના પગ નીચે દેખાયું. કાલુ રાજીના રેડ થઈ ગયો. એ સમજી ગયો કે આ કોઈ બીજું નથી, પણ મારો જ ખાસ ભાઈબંધ છે, જે એને ક્યારેય એકલો મૂકતો નથી!

કાલુ એના પડછાયા સાથે જ 'ભાઉં-ભાઉં' કરતો કૂદવા, નાચવા ને દોડવા લાગ્યો. ■

Mo 9099172177

### બંને દેશોએ કૃષિ ક્ષેત્રમાં સહકારને વધુ મજબૂત બનાવવા માટે ચર્ચા કરી

# ઈફકો અધ્યક્ષ દિલીપ સંઘાણીના નેતૃત્વમાં ભારત અને અમેરિકા વચ્ચે મહત્વની વાતચીત

અમરેલી,તા.૦૨

ભારત અને અમેરિકા વચ્ચે કૃષિ ક્ષેત્રમાં સહકારને વધુ મજબૂત બનાવવા માટે ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ એક મહત્વપૂર્ણ સંવાદ યોજાયો હતો. વોશિંગ્ટન ડી.સી. સ્થિત યુ.એસ.-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ દ્વારા આ બેઠકનું યજમાનપદ સ્વીકારવામાં આવ્યું હતું. બેઠકમાં બંને દેશો વચ્ચે કૃષિ ક્ષેત્રમાં નવી તકો ઊભી કરવા, આધુનિક ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ ખેડૂતોના હિતોને કેન્દ્રસ્થાને રાખીને વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. USIBCએ પોતાના સત્તાવાર સંદેશમાં જણાવ્યું હતું કે દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ યોજાયેલા આ વિચારવિમર્શથી ભારત અને અમેરિકા વચ્ચેના કૃષિ સહકારને નવી ઊર્જા મળશે. પરિષદના મતે, બંને દેશો સામે રહેલા સામૂહિક પડકારોના ઉકેલ






શોધવા અને ઉભરતી તકોનો લાભ લેવા માટે આ પ્રકારના સંવાદો અત્યંત મહત્વપૂર્ણ છે. બેઠક દરમિયાન કૃષિ ઉત્પાદકતા વધારવા, અદ્યતન કૃષિ ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા, જમીનના આરોગ્યમાં સુધારો લાવવા અને ખેડૂતોને વધુ અસરકારક ટેકનિકલ સહાય ઉપલબ્ધ કરાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત, ખાદ્ય અને પોષણ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે બંને દેશો વચ્ચે સંશોધન, જ્ઞાન અને ટેકનોલોજીની આપ-લે વધારવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

કૃષિ નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ પ્રતિનિધિઓએ સહમતી વ્યક્ત કરી હતી કે આ સહકાર લાંબા ગાળે ખેડૂતો માટે લાભદાયી સાબિત થશે.આ બેઠક ઈફકોની વધતી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અને ભારતીય ખેડૂતોના હિતોને વૈશ્વિક મંચો પર અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતાનું પ્રતિબિંબ માનવામાં આવે છે. દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ યોજાયેલ આ સંવાદ માત્ર ભારત-અમેરિકા કૃષિ ભાગીદારીને નવી દિશા આપનાર નથી, પરંતુ સહકાર આધારિત કૃષિ વિકાસના વૈશ્વિક મોડલને પણ વધુ મજબૂત બનાવે છે. ખેડૂતોની આવક, ઉત્પાદકતા અને કૃષિ સુરક્ષા વધારવાના હેતુ સાથે આ પહેલને મહત્વપૂર્ણ પગલું તરીકે જોવામાં આવી રહી છે.

# રશિયાએ યુક્રેનની ઈમારતોને નિશાન બનાવતા ૯ લોકોના મોત

મોસ્કો,તા.૦૨

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ સમય જતાં વધુ ભયાનક અને વિનાશક બની રહ્યું છે. મંગળવારે વહેલી સવારે રશિયાએ યુક્રેનના મુખ્ય શહેરો કિવ, નિપ્રો અને ખાર્કિવને નિશાન બનાવીને મિસાઈલ અને ડ્રોન દ્વારા મોટા પાયે હવાઈ હુમલા કર્યા હતા. આ ભીષણ હુમલામાં અત્યાર સુધીમાં નવ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે સાઈઠથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલો મળી રહ્યા છે.



દક્ષિણ-પૂર્વના મુખ્ય શહેર નિપ્રોમાં થયેલા રશિયન હુમલામાં પાંચ લોકોના મોત થયા છે અને પચીસ લોકો ઘાયલ થયા છે. અહીં રહેણાંક મકાનો અને બાળકોના રમવાના મેદાનોને ભારે નુકસાન પહોંચ્યું છે. બીજી તરફ, યુક્રેનની રાજધાની કિવમાં ચાર લોકોના મોત થયા છે અને એકાવન લોકો ઈજાગ્રસ્ત થયા છે. મિસાઈલ હુમલાના કારણે કિવમાં આવેલી એક ૨૪ માળની ગગનચુંબી બિલ્ડિંગનો કેટલોક ભાગ ધરાશાયી થઈ ગયો છે, જેમાં અનેક લોકો કાટમાળ નીચે દબાયા હોવાની આશંકા સેવાઈ રહી છે.

# બારડોલીના ઉવા ગામ નજીક મહારાષ્ટ્રની બે સરકારી બસ વચ્ચે અકસ્માતમા ૭ના મોત

બારડોલી,તા.૦૨

સુરતના બારડોલી નજીક આવેલા ઉવા ગામ પાસે બે સરકારી એસ.ટી. બસો વચ્ચે અકસ્માત સર્જાયો છે. હાઈવે પર પલટી ખાઈ ગયેલા એક ટેન્કર સાથેની અથડામણ ટાળવાના પ્રયાસમાં એક બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ અનિયંત્રિત બસ ડિવાઈડર કૂદીને સામેથી આવતી મહારાષ્ટ્ર પાસિંગની અન્ય બસ




સાથે ધડાકાભેર અથડાઈને પલટી મારી ગઈ હતી. અકસ્માતનો ભોગ બનેલી બસો પૈકી એક બસ સીએનજી સંચાલિત હોવાના કારણે ટક્કર થતાં જ તેમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ હૃદયદ્રાવક દુર્ઘટનામાં સાત જેટલા મુસાફરોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો તાત્કાલિક બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે દોડી ગયો હતો.

# જમીન દફતર વિભાગનું વિકેન્દ્રીકરણ: ૧૩૮ જગ્યાઓ હવે તાલુકા કક્ષાએ કાર્યરત થશે

ગાંધીનગર,તા.૦૨

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે જમીન દફતર (લેન્ડ રેકોર્ડ્સ) વિભાગના વિકેન્દ્રીકરણ તરફ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ જિલ્લા કક્ષાએ કાર્યરત જમીન દફતર નિરીક્ષક (Inspectro



of Land Recrods) વર્ગ-૨ની ૧૩૮ જગ્યાઓને તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે તાલુકા કચેરીઓમાં આ જગ્યાઓ કાર્યરત કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે.સરકારના નિર્ણય મુજબ જમીન દફતરની કામગીરી વધુ ઝડપથી અને અસરકારક રીતે થાય તેમજ ખેડૂતો, જમીનધારકો અને અરજદારોને જિલ્લા મથક સુધી ધક્કા ન ખાવા પડે તે માટે આ પગલું લેવામાં આવ્યું છે. અત્યાર સુધી અનેક જમીન માપણી, રેકોર્ડ સુધારણા અને અન્ય ટેક્નિકલ કામો માટે લોકોને જિલ્લા કચેરીનો સંપર્ક કરવો પડતો હતો, પરંતુ હવે તાલુકા સ્તરે જ વધુ સેવાઓ ઉપલબ્ધ બનશે.


## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૮/૨૦૨૬

પ્રતિ,
શ્રી હાસમભાઈ ફકીરાભાઈ ખરાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ હાસમભાઈ ફકીરાભાઈ ખરાઈ તથા જીલુબેન ફકીરાભાઈ ખરાઈના પુત્રી સમીમ હાસમભાઈ ખરાઈનો જન્મ તારીખ.૭/૩/૧૯૮૧ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૧૯૮૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૫૧/૨૦૨૬

પ્રતિ,
શ્રી કાદરી મોહમ્મદ રફીક સમસુદિન,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ સમસુદિનબાપુ હસનઅલી કાદરી તથા લાતીફૂનનીશા સમસુદિનબાપુ કાદરીના પુત્ર અબ્દુલ રજાક કાદરીનો જન્મ તારીખ.૬/૧/૧૯૭૦ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૧૯૭૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૯/૨૦૨૬

પ્રતિ,
શ્રી જુમાભાઈ ઉમરભાઈ લૂચાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ જુમાભાઈ ઉમરભાઈ લૂચાણી તથા જુબેદાબેન જુમાભાઈ લૂચાણીના પુત્રી આશિયાના જુમાભાઈ લૂચાણીનો જન્મ તારીખ.૧/૨/૨૦૨૨ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૨૦૨૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૪/૨૦૨૬

પ્રતિ,
શ્રી બસીરભાઈ જકુબભાઈ ઈસબણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ હુસેનભાઈ અબ્દુલભાઈ ઈસબાણી તથા મીઠાબેન હુસેનભાઈ ઈસબણીના પુત્રી સબીનાબેન હુસેનભાઈ ઈસબાણીનો જન્મ તારીખ.૨/૧૦/૨૦૧૩ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૨૦૧૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં. 145/2026

પ્રતિ,
શ્રી કસ્તુરબેન મુળજીભાઈ કોટીયા,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત,માઢવાડ, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માઢવાડ ગામના રહીશ મુળજીભાઈ નથુભાઈ કોટીયા તથા કસ્તુરબેન મુળજીભાઈ કોટીયાના પુત્ર કિશન મુળજીભાઈ કોટીયાનો જન્મ તા ૦૧/૦૬/૧૯૯૩ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત માઢવાડ, તાલુકો-કોડીનાર સને-1993 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૩૬/૨૦૨૬

પ્રતિ,
શ્રી સનમ ઓસ્માણ ઢોંકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ ઓસ્માણ જાફર ઢોંકી તથા સનમ ઓસ્માણ ઢોંકીના પુત્રી સાયબા ઓસ્માણ ઢોંકીનો જન્મ તારીખ.૬/૩/૨૦૨૦ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને-૨૦૨૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૪૮/૨૦૨૬

પ્રતિ,
શ્રી રાજેશભાઈ દેવજીભાઈ વંશ,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
નગરપાલીકા,કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માઢવાડ ગામના રહીશ દેવજીભાઈ નથુભાઈ વંશ તથા રામીબેન દેવજીભાઈ વંશના પુત્રી હિરલબેન દેવજીભાઈ વંશનો જન્મ તારીખ.૧/૧૯/૧૯૮૦ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, તાલુકો-કોડીનાર સને-૧૯૮૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૪૬/૨૦૨૬

પ્રતિ,
શ્રી સૈદુમા ઈબ્રાહિમભાઈ આરબ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
નગરપાલીકા,કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ ઈબ્રાહીમભાઈ અમરભાઈ શેખ તથા સૈદુમા ઈબ્રાહીમભાઈ આરબના પુત્રી શમીમબાનૂ ઈબ્રાહીમભાઈ શેખનો જન્મ તારીખ.૬/૧૨/૧૯૭૮ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા,કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૧૯૭૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૫૦/૨૦૨૬

પ્રતિ,
શ્રી કાંતાબેન ચુનીલાલ બારૈયા,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત માઢવાડ,કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માઢવાડ ગામના ચુનીલાલ રાજાભાઈ બારૈયા તથા પાર્વતીબેન ચુનીલાલ બારૈયાના પુત્ર મહેશભાઈ ચુનીલાલ બારૈયાનો જન્મ તારીખ.૪/૨૧/૧૯૮૪ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત માઢવડ, તાલુકો-કોડીનાર સને-૧૯૮૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૪૯/૨૦૨૬

પ્રતિ,
શ્રી શિવજીભાઈ લખમણ સિકોતરીયા,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત માઢવાડ,કોડીનાર, તા.કોડીનાર, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના માઢવાડ ગામના શિવજીભાઈ લખમણભાઈ સિકોતિયા તથા પાર્વતીબેન શિવજીભાઈ સિકોતિયાના પુત્ર શાંતીલાલ શિવજીભાઈ સિકોતરીયાનો જન્મ તારીખ.૬/૧/૧૯૮૦ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત માઢવાડ, તાલુકો-કોડીનાર સને-૧૯૮૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કોડીનાર




# રાજયના ૧૫૦ તાલુકામાં વરસાદ વરસતા લોકોને ગરમીમાંથી મળી રાહત

અમદાવાદ,તા.૦૨


ગુજરાતભરમાં છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહેલી અસહ્ય ગરમી અને ઉકળાટ બાદ વાતાવરણમાં મોટો પલટો આવ્યો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વીજળીના કડાકા-ભડાકા અને તીવ્ર પવન સાથે ધોધમાર વરસાદ વરસતાં ૨૪ કલાકમાં ૧૫૦ જેટલા તાલુકા પાણી-પાણી થઈ ગયા છે. અમદાવાદ જિલ્લાના બગોદરા, ધંધુકા અને ધોલેરા પંથકમાં ગાજવીજ સાથે એક ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો, જેનાથી વાતાવરણમાં નોંધપાત્ર ઠંડક પ્રસરી ગઈ છે. આ ઉપરાંત આણંદ, પાટણ, ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ, જોરાવરનગર સહિતના વિસ્તારોમાં મોડી રાત્રે અચાનક હવામાન બદલાતા લોકોને બફારામાંથી મોટી રાહત મળી છે.



# સુરત સાસરે રહેતી ધારીની યુવતીએ ચાર માસના પુત્ર સાથે આપઘાત કરતા અરેરાટી

સુરત,તા.૦૨

સુરતના સરથાણા વિસ્તારમાં આવેલી એવન હાઈટ્સમાંથી એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. અહીં રહેતી ૨૯ વર્ષીય પરિણીતા ધારાએ પોતાના માત્ર ચાર મહિનાના માસૂમ દીકરા રીશાનને એસિડ પીવડાવી, પોતે પણ એસિડ ગટગટાવી લેતા બંનેના કરુણ મોત નીપજ્યા છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પરિવાર ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયો છે. મૂળ અમરેલીના ધારીના વતની ધારાના લગ્ન દોઢ વર્ષ પહેલાં જ થયા હતા. છ મહિના પહેલાં સીમંત પ્રસંગ હોવાથી તે પોતાના પિયર આવી હતી. ઘરમાં દીકરાના જન્મથી ખુશીનો માહોલ હતો, પરંતુ ડિલિવરી બાદ ધારાની માનસિક તબિયત સતત લથડવા લાગી હતી. તેની અમદાવાદની હોસ્પિટલમાંથી માનસિક બીમારીની સારવાર પણ ચાલી રહી હતી. માનસિક અસ્વસ્થતાના કારણે જ માતાએ આ અત્યંત આત્મઘાતી અને ખોફનાક પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.






# દાહોદમાં ભારે પવનથી સાઈનબોર્ડ ધરાશાયી થતાં ત્રણ લોકોના મોત

દાહોદ,તા.૦૨

દાહોદ જિલ્લામાં અચાનક બદલાયેલા હવામાન અને તીવ્ર વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે. ગરબાડા ચોકડી નજીક સ્માર્ટ સિટી અંતર્ગત લગાવવામાં આવેલું એક મહાકાય સાઈનબોર્ડ પ્રચંડ પવનના કારણે અચાનક તૂટી પડ્યું હતું. આ સાઈનબોર્ડ નીચે પસાર થતા લોકો દબાવાને લીધે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે અને અન્ય લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા છે. વાવાઝોડાના લીધે જિલ્લાના અનેક વિસ્તારોમાં વૃક્ષો અને વીજપોલ ધરાશાયી થયા છે, જેનાથી વીજ પુરવઠો સંપૂર્ણ ખોરવાઈ ગયો છે. અનેક જગ્યાએ મકાનોના પતરાં પણ ઉડી ગયા છે. આ દુર્ઘટનાને પગલે સ્થાનિક પ્રશાસન અને તંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જાહેર સ્થળોએ લગાવાતા બોર્ડની નબળી ગુણવત્તા અને સલામતી અંગે ગંભીર સવાલો ઉઠ્યા છે.




# વડોદરાના ધારાસભ્ય યોગેશ પટેલનું નિધન

વડોદરા,તા.૦૨

વડોદરાના માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલનું અવસાન થયું છે. છેલ્લા કેટલાય સમયથી હૃદયરોગની બીમારીથી પીડાતા હતા. તેમને વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલમાં બે દિવસ અગાઉ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. યોગેશ પટેલની અંતિમવિધિ પુત્ર અને પુત્રી અમેરિકાથી આવ્યા બાદ ૪ જૂનના રોજ કરવામાં આવશે. તેમનો જન્મ ૨૩ જુલાઈ ૧૯૪૬ના રોજ થયો હતો. જ્યારે અવસાન ૨ જૂન, ૨૦૨૬ના રોજ થયું છે. આમ તેઓએ ૮૦ની વયે દુનિયાને અલવિદા કહ્યું છે. યોગેશ પટેલના અવસાનથી ફરી ગુજરાત વિધાનસભા ખંડિત થઈ છે. તેઓ ૧૯૯૦થી સતત ૮ ટર્મ અજેય રહીને જીવ્યા ત્યાં સુધી ધારાસભ્ય પદે રહ્યા હતા.

